श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

जैनो संघश्चतुर्धा भवतु विविधसद्ज्ञानसंपद्विलासी
श्रेयः सामाजिकं यद्विलसतु सततं तत्र पूर्णप्रभावि ।
भक्ति श्रीमद्गुरूणां प्रसरतु हृदये भावपूर्णप्रकाशा
'आत्मानन्द प्रकाश' ह्यभिलषति सदा मासिकं चेतसीति ॥ १ ॥

पु. १६. } वीर सं. २४४५—मागसर. आत्म सं. २३ } अंक ५ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ટ. | નંબર. | વિષય. | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રીપ્રભુ સ્તુતિ. ... ... ... | ૧૦૫ | ૬ | શ્રી આત્માવબોધ કુલક—વ્યાખ્યા. | ૧૧૫ |
| ૨ | કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો. ... | ૧૦૬ | ૭ | સમયોચિત કર્તવ્ય ... ... | ૧૨૦ |
| ૩ | સ્વાશ્રય બનો ... ... ... | ૧૦૭ | ૮ | શ્રીમાન્ મુનિમહારાજશ્રી મૂળચંદજી મહારાજની ઉજવવામાં આવેલી જયંતી ... ... ... ... | ૧૨૮ |
| ૪ | કેવાં કર્મ કરવાથી કેવી અવસ્થા પમાય છે? ... ... ... | ૧૧૧ | ૯ | [illegible], | ૧૨૯ |
| ૫ | આત્મા સાથે કર્મનો સંબંધ કેવી રીતે છે? અને તેનો અંત શીરીતે આવે છે? | ૧૧૪ | ૧૦ | વર્તમાન સમાચાર - | ૧૩૩ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નીચેના ગ્રંથો છપાવવા માટે ( ભાષાંતર ) તૈયાર થાય છે.

( પ્રસિદ્ધ કરવા માટે—જ્ઞાનોદ્ધારના કાર્યના ઉત્તેજન માટે સહાયની અપેક્ષા છે. )

૧. શ્રી દાનપ્રદીપ ( મહોપાધ્યાય શ્રી ચારિત્રગણી કૃત ) દાનગુણનું સ્વરૂપ ( અનેક કથાઓ સહિત ) જણાવનાર.

૨. શ્રી મહાવીરચરિત્ર ( શ્રી નેમીચંદ્ર સૂરિ કૃત ) આ ગ્રંથ ઘણો પ્રાચીન છે બારમા સૈકામાં તે લખાયેલ છે. પાંટણના ભંડારની તાડપત્રની પ્રત ઉપરથી અમોએ મૂલ છપાવેલ છે. અપૂર્વ ચરિત્ર છે.

૩. શ્રી વિમલનાથ ચરિત્ર ( શ્રી જ્ઞાનસાગરસૂરિ કૃત ) અપૂર્વ ચરિત્ર.

૪. શ્રી ઉપદેશ સપ્તતિકા ( શ્રી સોમધર્મગણિ વિરચિત )

૫. શ્રી ધર્મદેશના ( અપૂર્વ કથાનક ગ્રંથ )

ઉપરના ગ્રંથો રસિક બોધદાયક અને ખાસ પઠન પાઠન કરવામાં ઉપયોગી છે. તેટલુંજ નહિ પરંતુ વાચકોને આનંદ સાથે ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા છે. દરેક ગ્રંથોનું ગુજરાતી ભાષાંતર તૈયાર થાય છે. દ્રવ્ય સહાયની અપેક્ષા ( જરૂર ) છે. જ્ઞાનોદ્ધાર કરવાના ઉત્સાહી બંધુઓએ આવા જ્ઞાનોદ્ધારના કાર્યને સહાય આપી મળેલ લક્ષ્મીને સાર્થક કરવાનું છે. વર્તમાન સમયમાં ધર્મના આવા સારા સાર ગ્રંથો પ્રસિદ્ધ કરી કરાવી ધર્મનો ફેલાવો તે વડે કરવાની આ અમૂલ્ય તક છે. વળી બ્હોળા પ્રમાણમાં મુનિમહારાજાઓ, સાધ્વી મહારાજ અને જ્ઞાન ભંડાર વિગેરે ને (વગર કિંમતે) ભેટ અપાય છે. સહાય આપનારને તે લાભ સાથે તેનો જે નફો આવે તે તેવાજ જ્ઞાનખાતામાં ઉપયોગ થાય છે જેથી લાભ લેવા જેવું છે.

---

## સંસ્કૃત ગ્રંથો.

### નીચેના ગ્રંથો હાલમાં પ્રસિદ્ધ થયા છે.

૧ ધર્માભ્યુદય નાટક સૂક્તમુક્તાવળી.
૨ પંચનિગ્રંથી પ્રજ્ઞાપના તૃતીય પાદ સંગ્રહણી સટીક.
૩ રત્નશેખરી કથા ( પ્રાકૃત ).
૪ દાન પ્રદીપ.
૫ બૃહત સંઘયણી મોટી ટીકા.

ઉપરના પાંચ સંસ્કૃત ગ્રંથો તૈયાર થયા છે. મુનિમહારાજા તથા જ્ઞાનભંડાર વગેરેને પ્રથમ મુજબ ( સભાના ધારા મુજબ ) તેઓશ્રીના સમુદાયના વડિલ કે ગુરૂમહારાજની મારફત કોઇપણ શ્રાવકનું નામ લખી મોકલવું, જેથી પોસ્ટેજ પુરતા પૈસાનું વી. પી. કરી ભેટ મોકલવામાં આવશે.

અમારા **માનવંતા લાઇફ મેમ્બરો** જેઓ સંસ્કૃત તથા માગધી ભાષાના ગ્રંથોના અભ્યાસી અને ખપી હોય તેમણે પણ ભેટ મંગાવવા અને જે જે બંધુઓને આ ગ્રંથો ઉપયોગી નથી, તેમની વતી વધારે પ્રમાણમાં મુનિમહારાજાઓને ભેટ પ્રથમ મુજબ આપીશું, જેથી તે રીતે તે લાઇફ મેમ્બર બંધુઓને પણ લાભ પ્રાપ્ત થશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञानेयत्नो विधेयः॥

पुस्तक १६ ] वीर संवत् २४४४, मागशर. आत्म संवत् २३. [ अंक ५ मो.

## प्रभु स्तुति.

### વસંતતિલકા.

રંગે રમે સદુપદેશ સુધા રસે જે,
સદ્ધ્યાનથી હૃદયમાંહ્ય સદા શમે જે;
જે સર્વ પ્રાણિ નિરખે અતિશે ઘૃણાથી,
તે ધર્મપાલ અરિહંત સ્તવું શ્રદ્ધાથી.

V. M. SHAH.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો.

## પદ્યાત્મક ભાષાંતર સહિત.

( ગતાંક પૃષ્ટ ૮૩ થી શરૂ )

લે. રા. રા. કુબેરદાસ અંબાશંકર ત્રિવેદી.

भिक्षाऽशनं तदपि नीरसमेकवारम् शय्या च भूः परिजनो निजदेहमात्रम् ।
वस्त्रं सुजीर्णशतखण्डमयी च कंथा; हा, हा, तथापि विषयान्न जहाति चेतः ॥

છપ્પો.

ખાવા નીરસ અન્ન, મળે તે પણ એક વાર,
સુવા પથારી ભોંય, રહેવા નહિ ઘરબાર;
મળે ઢાંકવા અંગ, વસ્ત્ર એક જૂનું પાનું,
સગાં કુટુંબી માંહ્ય, માત્ર છે તન પોતાનું;
હા હા ! ! મન તોય સદા તું, વિષયોને વલખ્યા કરે,
વળી તૃષ્ણામાં તલ્લીન છો, ધિક્ ધિક્ તુંને ખરે.

निजगुणगरिमा सुखाकरः स्यात् स्वयमनुवर्णयतां सतां न तावत् ।
निजकरकमले न कामिनीनाम् कुचकलशाऽऽकलनेन को विनोदः ॥

શાર્દૂલ.

આપે આપ વખાણતાં ગુણી જનો પામે ન સંતોષને,
શ્લાઘા અન્ય મુખે સુણી સ્વગુણની આનંદ પામે મને;
પોતાના કરથી કરે કુચતણું ભારે ભલે મર્દન,
શું તેથી સુખ થાય આ જગતમાં લેશેય સ્ત્રીને મને.

शक्यो वारयितुं जलेन हुतभुक् छत्रेण सूर्यातपो
नागेन्द्रो निशितांकुशेन समदो दण्डेन गोगर्दभौ ।
व्याधिर्भेषजसंग्रहैश्च विविधैर्मंत्र प्रयोगै र्विषम्
सर्वस्यौषधमस्ति शास्त्रविहितं मूर्खस्य नास्त्यौषधम् ॥

ભુજંગી.

શિખા અગ્નિની વારિથી ઓલવાય, રવીતાપ છત્રી વડે દૂર થાય;
રહે તીક્ષ્ણ અંકુશથી વશ્ય હાથી, ખરો સાંઢડા દંડ લૈ મારવાથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે વિષને દૂર મંત્ર પ્રયોગો, મટે ઔષધોથી મહા દુષ્ટ રોગો;
દિસે એમ સૌ ઔષધો શાસ્ત્રમાંહી, નથી મૂર્ખની ઔષધિ ભાઈ! ક્યાંહિ.

कर्पूर धुली रचितालवालः कस्तूरिका कुंकुम लिप्त देहः !
सुवर्णकुंभैः परिषिच्यमानो, निजं गुणं मुञ्चति किं पलांडुः ॥

ઉપજાતિ.

દે કસ્તુરી કુંકુમ લેપ ધાટો, કર્પૂર ક્યારો કરી માંહિ દાટો;
સીંચો લઇ કાંચન કુંભ કોડે, દુર્ગંધ શું ડુંગળી તોય છોડે ?

आपद्गतं हससि किं द्रविणांधमूढ, लक्ष्मीः स्थिरा न भवती ति किमत्र चित्रम् ।
एतान् प्रपश्यसि घटाञ्जलयंत्रचक्रे, रिक्ता भवन्ति भरिता भरिताश्चरिक्ताः ॥

સ્રગ્ધરા.

દુઃખીને શું હસે છે ? દ્રવિણ મદ વિષે અંધ થઇ મૂઢ પ્રાણી,
લક્ષ્મી તો કોઇ કાળે અવિચળ નહિ એ વાત કોને અજાણી;
જો તું આ રેંટમાળે નજર કરી જરા ખાલી કુંભો ભરાય,
પાછા સર્વે ભરેલા પલક પછી વળી સાવ ખાલા જ થાય.

( ચાલુ. )

## સ્વાશ્રયી બનો.

( અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૯૦ થી )

( લે૦—વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ બી. એ. )

સ્વશક્તિમાં અતુલ શ્રદ્ધા રાખનાર માણસો મહાન પરિવર્તનો કરી શકે છે. '**મીરાબોએ**' એક વખત પ્રશ્ન કર્યો હતો કે "પ્રત્યેક સ્થળે અને પ્રત્યેક વિષયમાં આપણું મનુષ્યત્વ વિજય પ્રાપ્ત કરવામાં સહાયભૂત ન બને તો શું આપણે મનુષ્ય-નામ ધરાવવાને લાયક છીએ ?" તમારા પોતાના અદ્દભુત આંતરિક બળમાં શ્રદ્ધા રાખવાથી મહાન કાર્યો સાધવાનું જે સમર્થન તમને મળે છે તે અન્ય કોઈ પણ વસ્તુથી મળવું અશક્ય છે. જે કાર્ય કરવાનો તમે નિશ્ચયાત્મક સંકલ્પ કર્યો હોય છે તે કાર્ય કરવામાં તમારી શક્તિમાં રહેલી તમારી શ્રદ્ધા ન્યૂન કરવા અને તેનો હ્રાસ કરવા જે માણસ ઈચ્છે છે તેને શત્રુતુલ્ય લેખવામાં લેશ માત્ર અયોગ્યતા નથી; કારણ કે શ્રદ્ધાના હ્રાસની સાથેજ શક્તિનો પણ ધ્વંસ થાય છે. તમારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મ-શ્રદ્ધાના પ્રમાણમાં જ તમારા દરેક કાર્યનું પરિણામ આવે છે. કાર્ય અત્યંત કઠિન છે એમ જાહેર કરી માત્ર બેસી રહેવાથી પોતાનું સૈન્ય આલ્પ્સ પર્વતપર પહોંચશે એ નેપોલીઅનની આશાને ઉચિત અને સ્થાને ગણી શકાય તો જ તમારી શક્તિ સંબંધી ભય અને શંકાયુક્ત વિચારોનું સેવન કરવાથી તમે જીવનમાં કોઇ ઉપયોગી કાર્ય કરવા સમર્થ બનશો એ તમારી આશા ઉચિત ગણી શકાય.

જે કાર્યો કરવાનું પોતે માથે લીધું હોય છે તે સાધવાની પોતની શક્તિમાં મહાન અવિચળ શ્રદ્ધાવાળા સ્ત્રીપુરૂષો આ પ્રગતિમાન સુધારાના યુગના ચમત્કાર ભરેલા કાર્યો બજાવી શકયા છે. જે વસ્તુઓને જગતના અન્ય લોકો અશકય અને કાલ્પનિક માનતા હતા તે વસ્તુઓને શકય અને સત્ય કરી બતાવવાને જો આવા સ્ત્રીપુરૂષો રાત્રિ દિવસ અવિચ્છિન્ન નિશ્ચયપૂર્વક પ્રયત્નો કરવામાં મંડી રહ્યા ન હોત તો મનુષ્યજાતિ ઉત્ક્રાંતિક્રમમાં સૈકાઓ પાછળ પડી જાત એ નિઃસંશય છે.

જગતમાં એવો કોઈ વિશિષ્ટ કાયદો અથવા નિયમ નથી કે તેને લઈને તમે અમુક વસ્તુ મેળવવાની ઇચ્છા કર્યા વગર અને તેને માટે માગણી કર્યા વગર તે પ્રાપ્ત કરવામાં સફળતા મેળવી શકો. પ્રત્યેક કાર્યમાં પ્રથમ મજબૂત અને અડગ આત્મ-શ્રદ્ધાની સવિશેષ અગત્ય છે; તે વગર કોઈ પણ કાર્ય તમારાથી સાધી શકાશે નહિ એ ચોક્કસ સમજજો. દરેક કાર્યમાં પરિણામના પ્રમાણમાં જ કાર્યની અપેક્ષા છે. જળનો પ્રવાહ તેના મૂળ કરતાં વિશેષ ઉંચાઇએ ચઢી શકતો નથી. મહાન્ વિજય પ્રાપ્ત કરવામાં મહાન્ આત્મશ્રદ્ધા અને મહાન્ પ્રયત્નોરૂપી મૂળની જરૂર છે. શક્તિ ગમે તેટલી મહાન હોય, બુદ્ધિ ગમે તેટલી વિશાળ હોય તો પણ શ્રદ્ધા કરતાં કાર્યનું પરિણામ ઉચ્ચ નહિ જ આવે. "જે મનુષ્ય ધારે છે કે હું અમુક કાર્ય કરી શકીશ તો તે કાર્ય કરી શકે છે; અને જે એમ ધારે છે કે મારાથી અમુક કાર્ય થઈ શકશે નહિ તો તે કાર્ય કરવા તે સમર્થ થતો નથી." આ નિયમ સર્વમાન્ય અને નિર્વિવાદ છે.

તમારા વ્યક્તિત્વ વિષે, તમારી યોજનાઓ વિષે, અથવા તમારા હેતુઓ વિષે અન્ય લોકો શું ધારે છે તેનો જરા પણ વિચાર કર્યા વગર અને તેઓ તમને સ્વપ્નદર્શી અથવા ઉન્મત્ત કહે તો પણ તેની દરકાર કર્યા વગર તમારે તમારી પોતાની શક્તિમાં જ અડગ શ્રદ્ધા રાખવાની મહાન્ અનિવાર્ય અગત્ય છે; કારણકે તમને તમારી શક્તિપરથી શ્રદ્ધા ઉઠી જાય છે તેજ ક્ષણે તમે તે શક્તિને ગુમાવો છો. ગમે તેવા આપત્તિના પ્રસંગે પણ તમારી શક્તિના સંબંધમાં સાશંક ન બનો. કદાચ સંપત્તિનો નાશ થાય, શરીર નિરોગી ન રહેતું હોય, કીર્ત્તિને હાનિ પહોંચે એમ હોય, તમે અન્ય લોકોના વિશ્વાસપાત્ર ન હો, ગમે તેવી પરિસ્થિતિ હોય તો પણ નિત્ય સ્મરણમાં રાખો કે જ્યાંસુધી તમે સ્વશક્તિમાં દૃઢ શ્રદ્ધાવાન્ છો, ત્યાં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુધી તમારા માટે હમેશાં આશા છે. આ આત્મશ્રદ્ધાના બળથી પ્રયાસ સતત્ રાખશો તો અવશ્ય જગત્માં વ્હેલો મોડો તમારા માટે માર્ગ થશે.

એક વખત નેપોલીયનને સંદેશ પહોંચાડવા માટે એક સૈનિકને એટલી બધી ત્વરાથી જવું પડયું હતું કે ઉક્ત સંદેશ પહોંચાડ્યા પહેલાં તેનો અશ્વ માર્ગમાં પડી જવાથી મરણ પામ્યો. પછી સૈનિકે જેમ તેમ કરી નેપોલીયનને સંદેશ પહોંચાડ્યો, તેનો જવાબ નેપોલીયને સત્વર લખી આપ્યો. અને તેના પોતાના કિંમતી અશ્વપર બેસી ત્વરાથી તે પહોંચાડવાની આજ્ઞા કરી. તે દૂતે અત્યંત મનોહર અશ્વને જોઇને કહ્યું કે "આ અશ્વ એટલો સુંદર છે કે તેના પર આરૂઢ થવાને મારા જેવો સામાન્ય દરજ્જાનો સૈનિક લાયક નથી." નેપોલીયને જવાબમાં જણાવ્યું કે "એક ફ્રેન્ચ સૈનિક માટે કોઈ પણ વસ્તુ અત્યંત સુંદર અને મનોહર નથી."

આ ફ્રેન્ચ સૈનિક સરખા લોકોથી જગત્ ભરપૂર છે. આવા લોકો એમ ધારે છે કે જે વસ્તુઓ અન્ય લોકોએ મેળવી છે તે મેળવવાનું અમારા માટે અશકય છે અને તે મેળવવાની અમે આશા રાખીએ તો તે વ્યર્થ છે. આ પ્રકારની આત્માવમાનના ભરેલી માનસિક વૃત્તિથી પોતાને કેટલું નુકશાન થાય છે તે તેઓના સમજવામાં ભાગ્યેજ આવે છે. તેઓની આશાઓ, માગણીઓ અને ઇચ્છાઓ અતિશય સંકુચિત અને પરિમિત હોય છે. વામન સ્વરૂપી મનુષ્ય રાક્ષસીબળ બતાવી શકતો નથી. એવો કોઇ નિયમ નથી કે જેને લઇને લોકો નિકૃષ્ટ વિચારોમાંથી ઉત્કૃષ્ટ પરિણામ નિષ્પન્ન કરી શકે. આદર્શને અનુસરી મૂર્ત્તિ ઘડવામાં આવે છે, અને એ આદર્શ કંઈ નહિ પરંતુ માત્ર અંતરંગ વિચાર જ છે.

જગત્માં જે કંઈ શ્રેષ્ટ અને ઉત્તમ છે તે પોતાની પ્રાપ્તિ અર્થે નિર્માયું નથી, પરંતુ ભાગ્યદેવીના કૃપાપાત્ર મનુષ્યોને માટે જ જગતની ઉત્તમ વસ્તુઓ છે, એવા વિચારો સેવવાનું ઘણાખરા લોકોને બાળવયથી શીખવવામાં આવ્યું હોય છે. પોતે નિકૃષ્ટ કોટિના મનુષ્યો છે એવા અભિજ્ઞાનમાં જ તેઓને ઉછેરવામાં આવ્યા હોય છે; જેઓ વાસ્તવિક રીતે મહાન્ કાર્યો કરવાને સમર્થ હોય છે, એવા ઘણાં સ્ત્રી–પુરૂષો ન્હાનાં કાર્યો કરતાં અને મધ્યમ જીવન વહન કરતાં દૃષ્ટિએ પડે છે; આનું કારણ એજ કે પોતાના આંતરિક ઉત્કૃષ્ટત્વને પ્રકાશમાં કેવી રીતે લાવવું તેનું તેઓને યથાર્થ જ્ઞાન હોતું નથી.

જે હદ પર્યંત માનવજાતિએ પહોંચવું જોઇએ તે હદે હજુ મનુષ્યો પહોંચ્યા નથી અને સર્વત્ર સર્વોત્તમ પ્રતિભા શક્તિ ધરાવનારા મનુષ્યો મધ્યમ કોટિના મનુષ્યોને છાજે એવાં કૃત્યો કરતાં દૃષ્ટિગોચર થાય છે, તેનું એક મુખ્ય કારણ એ છે કે અદ્યાપિપર્યંત લોકોએ આત્મ–શક્તિનું અર્ધ માપ અથવા નિરૂપણ કર્યું નથી. વળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણી અંદર દિવ્ય શક્તિઓ ગૂઢ રહેલી છે અને આપણે ભવ્ય વિશ્વના અંશભૂત છીએ એવું આપણને યથાર્થ ભાન થયું નથી. આપણા મહાન્ જન્માધિકારનો આપણે પૂરતો વિચાર કર્યો નથી, ઉન્નતિના શિખરપર કેટલે ઉંચે આપણે આરૂઢ થવાનું છે અને આપણી જાત.પર આપણે કેટલી હદ સુધી આધિપત્ય મેળવવાનું છે તે આપણને સ્પષ્ટત: બુદ્ધિગત થયું નથી. આપણે આપણા ભાગ્યને અંકુશમાં રાખી શકીએ છીએ અને આપણે જેવા થવા ઈચ્છીએ છીએ તેવી આપણી જાતને બનાવી શકીએ છીએ એ વાતનું આપણને વિસ્મરણ થયું છે. સુવિખ્યાત સ્ત્રી નવલ-કથાકાર **મેરી કોરેલી** એક સ્થળે કહે છે કે—

"If we choose to be no more than clods of clay, then we shall be used as clods of clay for braver feet to tread on."

**ભાવાર્થ:**—જો આપણે માટીના પિંડ કરતાં વિશેષ સારા થવાનું પસંદ કરતા નથી તો આપણા કરતાં ઉચ્ચતર કોટિના માણસો માટીના પિંડ તરીકે આપણો ઉપયોગ કરશે."

"હું અન્ય માણસો જેવો ભલો નથી, હું કંઈ પણ ઉજ્વળ કાર્ય કરવાને અશક્ત છું, હું તુચ્છ મગતરા સમાન છું" આવા પ્રકારનાં વિચારો સતત આગ્રહ-પૂર્વક કર્યા કરવાથી જીવનનું ધોરણ દિનપ્રતિદિન નિકૃષ્ટ બનતું જાય છે અને શક્તિઓ જડ અને નિરૂપયોગી બની જાય છે. એથી ઉલટું જે માણસ આત્માવ-લંબી છે, જેનામાં આત્મશ્રદ્ધા છે, જે આશાવાદી છે, અને પોતે આરંભેલા કાર્યમાં વિજય મળશે જ એવા નિશ્ચયપૂર્વક જે દરેક કાર્ય કરવા તત્પર બને છે તે મનુષ્યની આકર્ષણ શક્તિમાં વૃદ્ધિ થાય છે અને તેને બળે સુખ, સંપત્તિ, ઐશ્વર્ય તેના પ્રતિ ખેંચાઈને આવે છે. જે ભૂમિકા ભજવવાની આપણને ઈચ્છા છે તે ધારણ કરવામાં અને સર્વોત્તમ રીતે ભજવવામાં જ બધું સમાયેલું છે. મહાન કાર્યો કરવાને તમને ઉચ્ચાભિલાષ હોય તો તમારે તમારા માટે મહાન કાર્યક્રમ રચવો જોઈએ અને તમારા અભિલાષના પ્રમાણમાં તમારે નિયોગ ધારણ કરવો જોઇએ.

જે મનુષ્યે સ્વશક્તિનું વાસ્તવિક નિરૂપણ કર્યું હોય છે, પોતાના કાર્યમાં વિજયી નિવડવાનો જેને દૃઢ વિશ્વાસ છે તેના વાતાવરણમાં અને બાહ્યાકૃતિમાં જ એવું કંઇક રહેલું છે જેને લઇને કાર્યારંભ થયા પૂર્વે જ તેને અર્ધો વિજય મળી જાય છે. જે મુશીબતો પોતાની જાતને તુચ્છ ગણનાર માણસોને તેઓના કાર્યોમાં પીડા ઉપજાવતી હોય છે તે મુશીબતો આવા પ્રકારના ઉચ્ચ મનોબળ ધરાવનાર મનુષ્યના માર્ગમાંથી સ્વત: પલાયન કરી જાય છે.

કોઇ વ્યક્તિ વિષે મનુષ્યોને બોલતાં આપણે એક વાર સાંભળીએ છીએ કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"તે દરેક કાર્યમાં વિજયી જ નિવડે છે; અથવા તે જે વસ્તુને સ્પર્શમાત્ર કરે છે તે કાંચન બની જાય છે." આ કોટિના મનુષ્યને પોતાના શ્રેષ્ટ ચારિત્ર્યના બળથી અને પોતાના વિચારોની ઉત્પાદક શક્તિથી ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ વિજયી બનવાનું સુભાગ્ય પ્રાપ્ત થાય છે. શ્રદ્ધાથી જ શ્રદ્ધાનો ઉદ્દભવ થાય છે. જે મનુષ્યની બાહ્યાકૃતિ વિજયસૂચક છે તે સર્વત્ર નિશ્ચયબળની પ્રભા પ્રસારે છે અને પોતે જે કાર્ય કરવાનો યત્ન કરે છે તે કરવાનું પોતામાં સામર્થ્ય છે એવા વિશ્વાસની અન્ય લોકોમાં પ્રેરણા કરે છે. અલ્પ સમય વ્યતીત થયા પછી તેને માત્ર પોતાના વિચારબળનું જ નહિ પરંતુ સર્વ પરિચિત માણસોના વિચારબળનું પ્રોત્સાહન મળે છે. વિજય પ્રાપ્ત કરવાની તેની શક્તિ વિષેની તેના આપ્તજનોની માન્યતા દૃઢીભૂત થતી જાય છે અને તેને પરિણામે પ્રત્યેક કાર્યમાં વિજય પ્રાપ્ત કરવામાં વધારે અને વધારે સુગમતા થતી જાય છે; અને તેના આત્મબળ, આત્મશ્રદ્ધા અને આત્મનિશ્ચય તેના વિજયના પ્રમાણમાં દિવસાનુદિવસ વૃદ્ધિગત થાય છે. જેવી રીતે પ્રાચીન સમયમાં એક હિંદી સૈનિકના મનમાં વિચાર સ્ફુરતો કે "જે શત્રુઓ પર મેં જીત મેળવી છે તેઓની શક્તિનો મારામાં પ્રવેશ થાય છે" તેવી જ રીતે વસ્તુતઃ યુદ્ધમાં, ઉદ્યોગમાં, વ્યાપારમાં, શોધખોળમાં, વિજ્ઞાનમાં, કળામાં અથવા ગમે તે ક્ષેત્રમાં મનુષ્યને જે કંઇ વિજય મળે છે તે વડે વિજેતાની પછીનાં કાર્યો કરવાની શક્તિમાં વૃદ્ધિ થાય છે.

તમારે જે કાર્ય સાધવું હોય તેમાં એવા દૃઢ નિશ્ચયપૂર્વક ચિત્તને એકાગ્ર કરો અને તમારા નિશ્ચયમાં એવું બળ રેડો કે જેથી કરીને કાર્ય પુરેપુરૂં સાધી રહો નહિ ત્યાંસુધી કોઇ પણ તમને તમારા હેતુમાંથી ચલાયમાન કરી શકે નહિ. શ્રેષ્ટતાની આ ખાત્રી થવાથી, શક્તિનું ધારણ કરવાથી, આંતરિક બળમાં દૃઢ પ્રતીતિ થવાથી અને વિજયને અવિચ્છેદ્ય જન્માધિકાર તરીકે ગણવાની મનોવૃત્તિ ધારણ કરવાથી જે શક્તિઓના સમૂહનો સંશય, ભય અને અશ્રદ્ધાથી ઉચ્છેદ થાય છે તે શક્તિઓ જાગૃત અને સચેત થાય છે. ( અપૂર્ણ )

# કેવાં કર્મ કરવાથી કેવી અવસ્થા પમાય છે?

૧ માંસ ભક્ષણ કરવાવાળો, તંદુલીયા મચ્છની પેરે દુષ્ટ પરિણામવાળો એવો મિથ્યાદ્રષ્ટિ ( વિપરીત બુદ્ધિવાળો જીવ મરીને દુઃખથી ભરેલા નરકમાં ઉત્પન્ન થાય છે.

૨ આર્તધ્યાનવાળા, પરને સંતાપનારા, અતિ કપટ કરનારા, અને અતિમોહ અજ્ઞાનથી ભરેલા જીવો મરીને તિર્યંચપણું પામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ અલ્પકષાયવાળા, દાતાર, ઉત્તમ પ્રકારે ક્ષમા, વિનય, નમ્રતાને સેવનારા. દાક્ષિણ્યતાવંત અને સ્વભાવેજ ભદ્રક પરિણામી જીવ મરીને મનુષ્યપણું પામે છે.

૪ અહિંસાદિક મહાવ્રત પાળનારા, અને અણુવ્રત ધારનારા તેમજ વ્રત-રહિત છતા સમ્યકત્વને ધારણ કરનારા, તથા જિનપૂજા, દાનધર્મમાં રક્ત, બાળ–અજ્ઞાન તપ અને અકામ નિર્જરા કરનારા મનુષ્યો તથા તિર્યંચ પંચેન્દ્રિય જીવો દેવતા સંબંધી આયુષ્ય કર્મબંધ યોગ્ય પરિણામની વિશુદ્ધિવડે દેવગતિમાં ઉત્પન્ન થાય છે.

૫ મહાવ્રતધારી સાધુ સૌધર્મ દેવલોકથી માંડી સર્વાર્થસિદ્ધ વિમાન સુધી અને શ્રાવક અચ્યુત નામના બારમા દેવલોક સુધી અને સમકિત રહિત છતો સાધુ યોગ્ય ક્રિયા–તપ, સંયમના બળવડે ગ્રૈવેયક સુધી ઉત્પન્ન થઈ શકે છે.

૬ જાતિસ્મરણ જ્ઞાનાદિકવડે સમકિતાદિક ગુણધારી પંચેન્દ્રિય તિર્યંચ આઠમા સહસ્રાર દેવલોક સુધી અને પરિવ્રાજકો પાંચમા બ્રહ્મદેવલોક સુધી તથા તાપસો જ્યોતિષ્ક દેવલોક સુધી ઉત્પન્ન થઇ શકે છે.

૭ અજ્ઞાનતપ–કષ્ટ કરનારા આકરો રોષ રાખનારા, તપનો ગર્વ કરનારા અને વેરઝેર રાખનારા મરીને અસુરકુમારાદિક દેવનિકાયમાં ઉત્પન્ન થઇ શકે છે.

૮ ગળાફાંસો ખાનારા, વિષ ભક્ષણ કરનારા, અગ્નિમાં અને જળમાં પેસી મરનારા તથા ક્ષુધા તૃષાથી પીડાતા જીવો મરીને વ્યન્તર તરીકે ઉત્પન્ન થઇ શકે છે.

૯ માયા–કપટ વગરની, વિનય–નમ્રતાવાળી, સુશીલા, સંતોષી, ક્ષમાળુ, સત્યની ટેકવાળી, અને ચપળતા વગરની સ્થિરતાવાળી સ્ત્રી મરીને પુરૂષપણું પ્રાપ્ત કરી શકે છે.

૧૦ કૂડાં આળ ચઢાવનાર, જૂઠ બોલનાર, ચપળ સ્વભાવી વગર વિચાર્યાં કામ કરનાર, અને અન્યને છેતરનાર પુરૂષ ( છતાં તે મરીને ) સ્ત્રીપણે ઉત્પન્ન થાય છે.

૧૧ જે ક્રૂર પરિણામી છતો ઘોડા, બળદ અને ભેંસ પ્રમુખને લિંગ–ઇન્દ્રિય છેદાદિક નિર્લંછન કરે છે તેમજ અતિ આકરો મોહ–ઉન્માદ ધારે છે તેવો જીવ મરીને નપુંસકપણું પામે છે.

૧૨ નાના મોટા જીવની હિંસા કરવામાં રક્તછતો જે મૂઢ જીવ પરલોક ( પાપાદિક ) ને માનતો નથી તે અતિ મલીન કર્મ કરનારો માનવી અલ્પ આયુષ્ય ટુંકું આવખું ભોગવે છે.

૧૨ શીલવ્રતધારી અને ક્ષમાવંત, દયા–અનુકંપાવાળા, મિષ્ટ–પ્રિય–હિત ભાષણ કરનારા અને જીવહિંસાથી નિવર્તેલા જીવો દીર્ઘ–લાંબુ આયુષ્ય ભોગવે છે.

૧૪ શય્યા, આસન, વસ્ત્ર, અન્ન, પાત્ર, ઔષધ અને પાણી જે કોઇ પ્રસન્નપણે સાધુજનોને આપે છે તે ભાતભાતની ભોગ સામગ્રીનો સ્વામી–ભોગી બને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૫ જે નિજવસ્તુનું દાન દેતો નથી, દીધેલું પાછું લઇ લે છે, દાતારને ધન દેતાં વારે છે, અથવા અણગમતી વસ્તુ આપે છે તે વિવિધ ભોગ સામગ્રી વંચિત રહે છે.

૧૬ પોતે ગુણ રહિત છતાં જે આપપ્રશંસા અને ગુણવંતની નિંદા કરે છે, તે મિથ્યાભિમાની અને દુ:ખદાયક જીવ દુર્ભાગી બને છે—સહુને અનિષ્ટ—અપ્રિય થઇ પડે છે.

૧૭ જે દેવ ગુરૂનો ભક્ત, વિનયવંત, ક્ષમાયુક્ત, પ્રિયભાષી અને સર્વ જનનું હિત કરનાર હોય છે તે સુભાગી—સર્વ જનને ઇષ્ટ—પ્રિય—વલ્લભ બને છે.

૧૮ જે ભણે, સાંભળે, ચિન્તવે અને બીજાને ભણાવે તથા ઉપદેશ આપે તે જ્ઞાનની તથા જ્ઞાની ગુરૂની ભક્તિમાં તત્પર છતાં મરણ પામીને બુદ્ધિશાળી થાય.

૧૯ તપ અને જ્ઞાન ગુણ યુક્ત મહાશયનું અપમાન કરે અને જ્ઞાન ભણાવનારા તથા સાંભળનારાઓને અંતરાય કરે તે પોતાનાં વિપરીત વર્તનના ફળ રૂપે ભવિષ્યમાં દુર્બુદ્ધિ થાય.

૨૦ પંખીનાં બચ્ચાંઓને જે વિચ્છોહ—વિયોગ પડાવતો નથી અને જીવો ઉપર દયા કરે છે તેનાં બાળક જીવતાં રહે છે.

૨૧ જે મૂઢ પારકાં છિદ્ર દીઠાં અણદીઠાં પ્રકાશે છે તે અન્યને ઝંખવાણા પાડવામાં ઉજમાળ છતો જન્મથી અંધ થાય છે.

૨૨ જે લોકસમક્ષ અણસાંભળેલું સાંભળેલું કે છે, એમ ભાખે છે અને ધર્મ વિરૂદ્ધ બોલે છે એવો ચાડીયો અને નિન્દકી પરભવમાં બહેરો અને મુંગો થવા પામે છે.

૨૩ દહન, છેદન, ઘાતનાદિક વડે જીવોને દુ:ખ—ત્રાસ ઉપજાવનારો ભવિષ્યમાં બહુ રોગી થાય છે અને અન્યને અનેક રીત સુખ શાતા ઉપજાવનારો નીરોગી થાય છે. અનેક રીતે સુખ શાતા ઉપજાવનારો નીરોગી થાય છે.

૨૪ જે અન્યને દ્રવ્યોપાર્જન કરતાં અંતરાય કરે કે ચોર લૂંટારાની જેમ પારકું દ્રવ્ય અપહરી લે તે પરદ્રવ્યનું અપહરણ કરનારો દુ:ખ દાલિદ્રને પ્રાપ્ત થાય છે.

૨૫ જે મધુ ( મધૂપુડાનો ) ઘાત, અગ્નિદાહ, અને સ્ત્રી પ્રમુખનો વધ તથા કુંણી વનસ્પતિની વિરાધના કરે છે તે પોતાનાં કુકૃત્યો વડે મરીને પરભવમાં કોઢી થાય છે.

૨૬ જે પાડા, ગર્દભ અને ઉંટને અથવા મનુષ્ય જાતને અતિ ભાર ઉપડાવી પીડે છે તે કુબ્જ—કુબડો થાય છે.

૨૭ ગુરૂ—સાધુની આજ્ઞાનો અનાદર કરનારાઓ આંગળી વગરના અને વામન રૂપ ( ઠીંચકા ) બને છે તથા બાળકોના વિયોગ કરાવનારને પ્રજા—સંતતિ સ્થિર રહેતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૮ તપ, સંયમયુક્ત સાધુજનોને પ્રત્યે જે કટુક કે અસત્ય બોલે છે તેનું મુખ ગંધાય છે અને પગની પાની વડે ઘાત કરે છે (પાટુ મારે છે) તે પગે લુલો–લંગડો થાય છે.

૨૯ માનવભવ, આર્યદેશ, ઉત્તમ જાતિ–કુળ, રૂપ, આરોગ્ય બુદ્ધિ, ધર્મ શ્રવણ, તત્ત્વ નિશ્ચય, અને રૂડી શ્રદ્ધા વિગેરે ઊત્તમ ધર્મ સામગ્રી ખરેખર ભાગ્ય-યોગેજ પ્રાપ્ત થઈ શકે છે.

૩૦ આ માનવભવમાંજ સંપૂર્ણ તપ સંયમનું આરાધન થઇ શકે તો તેથી અક્ષય સુખ રૂપ મોક્ષની પ્રાપ્તિ થઈ શકે. ગૃહસ્થયોગ્ય દયા, સત્ય, શીલાદિક સામાન્ય વ્રતોનું પણ સેવન કરવાથી સદ્ગતિ તો અવશ્ય થવા પામે છે.

૩૧ અવસર પામી હિત સાધવા આળસ કરે તેને સુખ ક્યાંથી મળશે.

ઇતિશમ્.

# આત્મા સાથે કર્મનો સંબંધ કેવી રીતે છે ? અને તેનો અંત શી રીતે આવે ?

કર્મ, કુદરત, દૈવ, ભાગ્ય, વાસના, અદ્રષ્ટાદિક બધાય પર્યાય નામ છે. તેનો પ્રત્યેક સંસારી આત્મા સાથે અનાદિ સંબંધ કનકઉપલના દ્રષ્ટાન્તે સિદ્ધ છે. યદ્યપિ આત્મા પોતાના જ્ઞાનાદિક સ્વાભાવિક ગુણોવડે સ્વપર પ્રકાશક છે, તો પણ જેમ સૂર્યાદિક સ્વયંપ્રકાશક છતાં મેઘાદિકના ઘાટા આવરણવડે આચ્છાદિત થયા હોય તો તે ત્યાંસુધી પરને પ્રકાશ આપી શકતા નથી, પરંતુ તે મેઘાદિક આવરણો દૂર થયે છતે તે પોતાના સ્વાભાવિક પ્રકાશવડે પ્રકાશી રહે છે, તેમ આત્મા સાથે લાગેલાં નાના પ્રકારનાં જ્ઞાનાવરણાદિક કર્મોવડે જ્યાંસુધી આત્મા આચ્છાદિત થયેલો હોય છે ત્યાંસુધી તે પોતાના સ્વાભાવિક જ્ઞાનાદિક ગુણોનો પ્રકાશ કરી શકતો નથી, અને જ્યારે તથા પ્રકારના અનુકૂળ યોગ મળતાં તે તે જ્ઞાનાવરણાદિક કર્મનો ક્ષય ઉપશમ થતો જાય છે ત્યારે તે તે જ્ઞાનાદિક સ્વાભાવિક ગુણો સ્વયં પ્રકાશમાન થઇ શકે છે. જેમ ઉપાયવડે અનાદિ સંબંધવાળા કનકોપળ જૂદા પડી શકે છે, એટલે તીવ્ર અગ્નિનો પ્રયોગ કરતાં તેમાંથી માટી અને કનક-સુવર્ણ જૂદાં પડી જાય છે તેમ સર્વજ્ઞ પરમાત્માએ બતાવેલા સમ્યગ્દર્શન ( તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ ) તત્ત્વાર્થ અવબોધરૂપ સમ્યગ્જ્ઞાન અને તત્ત્વરમણતારૂપ સમ્યગ્ચારિત્રના આસેવનરૂપ યથાર્થ ઉપાયવડે આત્મા સાથે લાગેલ કર્મરજ ( કર્મમળ ) દૂર થઇ પોતાનું સહજ સ્વાભાવિક રૂપ પ્રગટ થઈ શકે છે; અથવા દૂધ અને જળની જેવો કે અગ્નિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને લોહગોળકની જેવો જીવકર્મનો સંબંધ છે તે, તથા પ્રકારના પ્રયત્ન વિશેષથી દૂર થઇ શકે છે. જેમ હંસ પોતાની ચંચુવડે દૂધ જળને સહજમાં જૂદાં કરી શકે છે તેમ વિવેકવડે અંતરાત્મા આત્મતત્ત્વ સાથે લાગેલ જડ-કર્મને સહજમાં દૂર કરી પરમાત્મત્વ પ્રગટ કરી શકે છે. જેમ જળપ્રયોગવડે અગ્નિને શાન્ત કરી શકાય છે તેમ ક્ષમા-શાન્તિ-સમતાદિક જનિત ભાવશીતલતાવડે રાગદ્વેષ અને મોહ જનિત ત્રિવિધ તાપને દૂર કરી આત્માને પરમ શીતળ કરી શકાય છે; પરંતુ જે મુગ્ધ જીવો અજ્ઞાન, મિથ્યાત્વ, કષાય અને અવ્રતાદિક યોગે પોતાના આત્માને ભારે મલીન કરતા રહે છે, તેઓ તો આ ભવસાગરમાં ખરેખર ડૂબેજ છે. તૂંબડાનો સ્વભાવ તરવાનો છે ખરો, પણ જો તેના ઉપર માટીનો લેપ લગાડયો હોય તો તે જેમ જળમાં ડૂબી જાય છે તેમ આ આત્માઆશ્રી સમજી લેવું. જો આત્માને અક્ષય સુખ સાથે જોડવોજ હોય તો વિષયલાલસા તજી, કષાયને કબજે કરી, આળસને પરિહરી, મદ-ઉન્માદ દૂર કરી, અને વિકથા કહો કે નકામી કુથલી કરવાનું છોડી દઇ, અપ્રમત્તપણે વીતરાગ પરમાત્માએ જગતના એકાન્ત કલ્યાણ માટે બતાવેલા સમ્યગ્જ્ઞાન-ક્રિયાયોગને આરાધવો જોઇએ. એથીજ જન્મ જરા મરણનાં અનંતા દુઃખનો અંત આવશે, અને અનંત અક્ષય અવ્યાબાધ મોક્ષસુખ પ્રાપ્ત થશે. ઇતિશમ્.

**લે૦ મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.**

# શ્રી આત્માવબોધ કુલક-વ્યાખ્યા.

## (આત્માર્થી જનોએ ખાસ મનન કરી નિર્ધારી રાખવા યોગ્ય સુવર્ણ વાકયો)

૧ ઉત્કૃષ્ટ પુન્ય પ્રભા વડે અથવા સ્વાભાવિક આત્મજ્યોતિ વડે આનંદકારી અને મહેન્દ્રોએ (પણ) નમન કરવા યોગ્ય શ્રી **જિનેશ્વર** દેવને (ત્રિવિધે) પ્રણામ કરી, ભવદુઃખનો અંત કરવા સમર્થ એવું **આત્માવબોધ કુલક** હું (**જયશેખર**) વખાણીશ.

૨ જેમ પ્રભા વડેજ સૂર્યોદય થયાની ખાત્રી થઇ શકે છે પણ તે વગર ગમે તેના શપથ (સોગન) માત્રથી ખાત્રી થતી નથી તેમ તથાપ્રકારના ગુણ-લક્ષણવડે જ આત્માવબોધ થયાની સ્વયમેવ ખાત્રી થવા પામે છે. પણ તેવા ગુણ વગર વધારે બોલવાથી કશું વળતું નથી-ખાત્રી થઇ શકતી નથી. પ્રકરણકાર તે ગુણોને વખાણે છે.

૩ ઇન્દ્રિયોનું દમન, મનોવિકારનું શમન, તત્ત્વાર્થશ્રદ્ધાન, સ્વપરહિત ચિન્તવન, મોક્ષ સુખની જ વાંચ્છના, ગુણદોષની ચોખ્ખી સમજ, અને પ્રબળ-વૈરાગ્ય-વિષયસુખથી વિમુખતા એ બધાય અંતરમાં રહેલા આત્માવબોધરૂપી બીજના સ્પષ્ટ અંકુર ઊગેલા-ફણગા ફૂટેલા જાણવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ જે **આત્મસ્વરૂપને**–તેના સ્વાભાવિક સુખને જાણે છે તે તુચ્છ વિષયસુખની કામના–વાંછના કરતો નથી. જેને કલ્પવૃક્ષ ફળ્યો હોય તે શું બીજા તુચ્છ–અસાર વૃક્ષની વાંછના કરે ખરો કે? નહિ જ.

૫ આત્મજ્ઞાન (અધ્યાત્મ) માં મગ્ન બનેલાને નરકાદિનાં દુઃખ કદાપિ વેઠવાં પડતાં નથી. કેમકે જે ( સમજપૂર્વક ) સન્માર્ગે જ ચાલે છે તે શું કૂવામાં પડે ખરો કે? નહિ જ.

૬ જેણે આત્માને ઓળખ્યો નથી–આત્મસ્વરૂપ પિછાણ્યું નથી તેમને મોક્ષ તો દૂર જ છે અને દ્રવ્ય સંપદા પણ ઉપાધિ–કલેશના કારણરૂપ થાય છે અને તેની આશા–ઇચ્છા–અભિલાષા–મનોરથમાળા અધૂરી જ રહે છે.

૭ જ્યાંસુધી આત્મબોધ થયો નથી ત્યાંસુધી આ ભવસાગર તરવો દુર્લભ છે. મહાસમર્થ મોહને જીતવો દુર્લભ છે અને તૃષ્ણાને તજવી પણ બહુ આકરી છે. પરંતુ સ્વાત્મબોધ યા સ્વસ્વરૂપ પ્રકાશ થતાં જ એ બધાં ગમે તેવાં દુસ્તર છતાં પણ સુલભ થઇ શકે છે.

૮ જેણે સુર અને અસુરના ઇન્દ્રોને (પણ) અનાથની જેવી દશાને પમાડ્યા છે–ખુબ સતાવ્યા છે–દીન રંક ભીખારી જેવા નિર્માલ્ય બનાવી દીધા છે તે સબળ કામ પણ અધ્યાત્મ ધ્યાનરૂપ અગ્નિમાં ભસ્મસાત્ થઇ જાય છે એ કંઇ થોડા આશ્ચર્યની વાત છે શું?

૯ જેને બાંધ્યું–સાંકળ્યું છતું છટકી જાય છે–સ્થિર થઇ શકતું નથી અને વાર્યું+દમ્યું–અટકાવ્યું છતાં નિરંકુશપણે ચોતરફ ફરતું–ભટકતું રહે છે તેવું ચંચળ ચિત્ત પણ ધ્યાનબળે પોતાની મેળે–અનાયાસે ઠરી જાય છે.

૧૦ જ્ઞાની ગુરૂનાં વચન–બોધથી જેણે શુભ–સુખકારી ધ્યાન રસાયણ પ્રાપ્ત કર્યું–પીધું તેને તાવ ત્રિદોષાદિક બાહ્ય વ્યાધિઓ તેમજ રાગ, દ્વેષ અને મોહાદિક અંતરંગ વ્યાધિઓ દુઃખ દેતા નથી. વિવિધ વ્યાધિઓ તેનામાં પ્રગટતા કે ફાવતા નથી અને પ્રથમના હોય તે પણ શમી જાય છે.

૧૧ સ્વસ્વરૂપનું જ ચિન્તવન કરવામાં તત્પર રહેતા મહાશયને કોઇ પીડા કરતું નથી અને કદાચ કોઇ કર્મયોગે પીડા કરે તો તેના ઋણમાંથી પોતાને મુક્ત થઇ જતા માનતા એવા તે આત્મજ્ઞાનીને દુઃખ સમજાતું નથી.

૧૨ દુઃખની ખાણ જેવા (ભયંકર) રાગ દ્વેષો ચળાચળ ચિત્તમાં હોય છે. જેમ આલાન સ્થંભે બાંધેલો હાથી સ્થિર થાય છે તેમ અધ્યાત્મ યોગવડે ચિત્ત પણ પોતાની સ્વાભાવિક ચપળતા તજી સ્થિર થઇ જાય છે.

૧૩ પ્રસન્ન કે અપ્રસન્ન આત્મા ( ચિત્ત ) જ મિત્ર કે અમિત્ર ( દુશ્મન ) છે, સ્વર્ગ કે નરક તેમજ રાજા કે રંક પણ એજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૪ આ જીવે (અનેક વાર) દેવતાની અને મનુષ્યોની ઋદ્ધિઓ પ્રાપ્ત કરી અને વિષય રસ પણ વારંવાર ભોગવ્યા, પરંતુ તેથી સંતોષ પામ્યો નહિ અને સંતોષ વગર ક્યાંય પણ શાન્તિ વળી ? નહિ જ.

૧૫ જેમ વાદળાં વડે તેજસ્વી સૂર્ય પણ પણ ઢંકાઈ જાય છે તેમ હે જીવ ! ત્હારી મેળે ઉત્પન્ન કરેલા શરીર, ધન, સ્ત્રી અને કુટુંબસ્નેહ વડે, તું પણ સત્તાએ (શક્તિરૂપે) લોકાલોક પ્રકાશક જ્યોતિરૂપ છતાં ઢંકાઇ જાય છે. એટલે સ્નેહજાળ વડે તારી શક્તિ (પ્રભાવ) લુપ્તપ્રાય થઇ જાય છે તે તું જો !

૧૬ હે જીવ ! આ ત્હારો દેહ, વિવિધ વ્યાધિરૂપ સર્પ અને અગ્નિરૂપ વૈરીઓને વશ છતાં તું તેના ઉપર મમત્વ કરતો શું ખાટવાનો છો ?

૧૭ ઉત્તમ જાતિના ભોજન, પાન, સ્નાન, શૃંગાર અને વિલેપનવડે પોષણ મળ્યા છતાં આ શરીર પોતાના પોષક–સ્વામીને છેહ દે છે, તેથી કુતરા જેટલી પણ કૃતજ્ઞતા તેનામાં જણાતી નથી. તો પછી કયા બાને તેના ઉપર મોહ–મમત્વ કરવો ?

૧૮ હે જીવ ! અનેક પ્રકારનાં કષ્ટો સહન કરીને ત્હેં જે ધન ઉપાર્જ્યું તે તો ત્હને કષ્ટ માત્ર આપી અંતે અન્યનાજ ભોગમાં આવે છે. ધનની મમતાથી તે માટે તું મહેનત કરી મરે છે અને કશું ખર્ચી શકતો નથી, જેથી ત્હારા મૃત્યુ પછી કે પહેલાં તે બીજાના હાથમાં જાય છે. આ ત્હારી કેવી મૂર્ખાઈ ? તેનો કંઈ વિચાર કરી, ઉચિત હોય તેમ કર.

૧૯ જેમ જેમ મોહ–અજ્ઞાનવશ તું ધન ધાન્યાદિક પરિગ્રહ ( મમત્વ ) ઘણો કરતો જાય છે તેમ તેમ અધિક ભારથી ભરેલી નાવની જેમ આ ભવસાયરમાં તું જોત જોતામાં ડૂબી જાય છે. તેથી ત્હારે ભવભયમાં ઘણુંજ સંકટ વેઠવું પડશે, તેનો કંઈ વિચાર કર.

૨૦ શરીર અને મનની નિર્બળતાને લીધે જેને સ્વપ્નમાં પણ દેખી છતી મનુષ્યનું વીર્ય હરી લે છે તે સ્ત્રીને મારી, ( જીવલેણ વ્યાધિ ) જેવી સમજીને તું તેને તજી દે–મોહવશ થતો તેનો સંગ તજ.

૨૧ હે મુગ્ધ જીવ ! તું ચિત્તની શુદ્ધિ કરવા અભિલાષા રાખે છે, અને તેમ છતાં સ્ત્રીના હાવ ભાવાદિક વિષયરસમાં તું રક્ત બની જાય છે આતે ત્હારી કેવી મૂઢતા ? અરે ! ગળીથી મિશ્રિત કરેલાં વસ્ત્રમાં શ્વેતતા ટકી શકે ખરી ? કદાપિ નહિ જ.

૨૨ હે જીવ ! મોહરાજાએ ત્હને સ્નેહરૂપી બેડીઓ વડે ઝકડી બાંધીને, સંસારરૂપી કારાગૃહમાં નાંખ્યો છે અને તેમાંથી તું નાશી ન છૂટે એટલા માટે ત્હારી ઉપર પૂરતી દેખરેખ રાખવા કુટુંબ કબીલાદિક સ્નેહી બંધુઓના બ્હાને પહેરગીરો મૂક્યા છે, તેમના ઉપર તું આટલો બધો મોહ–રાગ કેમ રાખે છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૩ અહો આત્મા ! તું આવું અંતરંગ કુટુંબ કર કે ધર્મ એજ પિતા, કરૂણા–દયા એજ માતા, વિવેક એજ ભ્રાતા ( ભાઈ ), ક્ષમા–સમતા એજ પ્રિયા–સ્ત્રી, અને જ્ઞાન દર્શન ચારિત્રાદિક ગુણ એજ સુપુત્ર.

૨૪ અતિ લાલન પાલન કરાયેલી ( ચિર પરિચયવાળી ) કર્મ પ્રકૃતિરૂપી સ્ત્રીએ હે જીવ ! ત્હારામાં પુરૂષાર્થ છતાં ત્હને બંધનોથી બાંધીને ચાર ગતિમાં ભમાડયો છે તેથી તને કશી લજ્જા–શરમ આવતી નથી શું ?

૨૫ રે જીવ ! તું જાતેજ કર્મ કરે છે અને તે વડે તું ચાર ગતિમાં રડવડે છે. તેમ છતાં અરે ! આત્મવૈરી ! તું અન્યને શા માટે દોષ આપે છે ?

૨૬ હે આત્મન્ ! તું એવું કામ કરે છે, એવાં બોલ બોલે છે, અને એવા વિચાર કરે છે કે જેથી તું અનેક કષ્ટમાં આવી પડે છે. આવી આપણા ઘરની ગુપ્ત વાત અન્યની આગળ કહી શકાય નહિ ( એથી પોતાનીજ જાંઘ ઉઘાડી થાય અને લોકોમાં હાંસી થાય. એ રીતે અંતરાત્મા, બહિરાત્માને અથવા સુમતિ, કુમતિને વશ પડેલા પોતાના સ્વામી–ચેતનને કહે છે ).

૨૭ હે ચેતન ! પાંચે ઇન્દ્રિયોરૂપી પ્રબળ ચોરો દુષ્ટ મનરૂપી યુવરાજને મળી જઈ, પોતપોતાના વિષયરસમાં આસક્ત બની ત્હારી મૂળગી મૂડી–જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યાદિક સ્વાભાવિક સ્થિતિ–મર્યાદાને લોપે છે.

૨૮ એમણે વિવેકરૂપી હિતસ્વી મંત્રીને હણી નાંખ્યો; દાન, શીલ, તપ અને ભાવરૂપ ચાર પ્રકારનું ધર્મચક્ર ભેદી–ભાંગી નાંખ્યું; જ્ઞાન અને ક્રિયારૂપી ધન લૂંટી લીધું અને ત્હને પણ કુગતિરૂપ કૂવામાં નાંખી દીધો.

૨૯ આટલો બધો વખત તું મોહરૂપ નિદ્રાને વશ, મડદાલ જેવો પુરૂષાર્થહીન બની ગયો હતો તે વાત જો હવે તું ગુરૂમહારાજનાં હિતવચનથી જાગ્યોજ હો તો શું નથી જાણતો ? જાણે છેજ.

૩૦ હે ચેતનરાય ! તું લોકપ્રમાણ અસંખ્ય પ્રદેશનો સ્વામી છે, તેમજ અનંતજ્ઞાન અને વીર્ય–શક્તિવાળો છે, તો તું ધર્મધ્યાનરૂપ સિંહાસન ઉપર બેસીને સ્વરાજ્ય સ્થિતિની ચિન્તા કર એટલે કે તું ત્હારી મૂળ શક્તિને સંભારી, કાયરતા તજી, રાજ્યમર્યાદા સાચવ, સાવચેત થા.

૩૧ હવે જો તું જાગ્યો છે–સ્વસ્વરૂપ સમજ્યો છે તો હે મહારાજ ! તું ત્હારૂં ચૈતન્ય–વીર્ય ફોરવ, પ્રમાદ રહિત અપ્રમત્ત થા. પછી જો કે દુષ્ટ મનરૂપી યુવરાજ કે મોહરાજાદિક કોણ ત્હને રાજ્યભ્રષ્ટ કરી શકે છે. પોતાનું રાજ્ય સંભાળવા સાવધ થયેલા એવા ત્હને રાજ્યભ્રષ્ટ કરવા, પછી કોનામાં તાકાત છે ? કોઈનામાં નથી.

૩૨ હે ચેતન ! પુરૂષાર્થસાધ્ય શિવનગર સ્વાધીન છતે આ સંસારરૂપ–કારાગૃહમાં કેમ વસે છે ? જેમાં તું જ્ઞાનમય છતાં જડ જેવો અને સ્વામીનાયક–રાજા–મહારાજા છતાં ચોર જેવો થઇ રહ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૩ વળી જે ( સંસાર ) માં કષાયરૂપી ચોરટા, મહા આપદાઓ રૂપી દુષ્ટ હિંસારી જાનવરો અને વિવિધ વ્યાધિઓ રૂપી ભયંકર સર્પો તથા અનેક આશાઓ રૂપી મોટી નદીઓ સદા વિદ્યમાન છે, વળી જેમાં.

૩૪ ચિન્તારૂપી કાષ્ટવાળી અટવીઓ, મુગ્ધ સ્ત્રીઓ રૂપી અતિ અંધકારમય ગુફાઓ, ચાર ગતિ રૂપ અનેક ખાણો, અને આઠ મદરૂપી ઊંચા પર્વતના શિખરો ( જેમાં સ્પષ્ટ જણાય છે. ) વળી જેમાં.

૩૫ મિથ્યાત્વરૂપી રાક્ષસ અને મનના દુષ્ટ પરિણામ થકી પેદા થતી મમતા રૂપી મોટી શિલાઓ છે એવા સંસારરૂપી પર્વતને હે ચેતન ! હવે તું ધ્યાનરૂપી વજ્ર વડે ભેદી નાંખ-સંસારનો અંત કર.

૩૬ જે મહાનુભાવને આત્મજ્ઞાન જાગ્યું છે તે મોક્ષ સુખને આપનારૂં નિશ્ચય જ્ઞાન જાણવું અને બાકીનું જ્ઞાન ગમે તેટલું અધિક પ્રમાણમાં મેળવેલું હોય તો પણ તે આ જીવિકા માત્ર ફળ આપનારૂં જાણવું.

૩૭ જેમ યથાર્થ બોધરહિતપણે પ્રયોજાયેલા હિતકારી ઔષધ થકી વ્યાધિ ઊલટો વધે છે અથવા નવો પેદા થાય છે તેમ એકાન્ત હિતકારી આત્મબોધ રહિત મૂઢ જનો જેમ જેમ ઘણું ઘણું ભણે છે તેમ તેમ તેમનુ ચિત્ત ગર્વ-અભિમાનવડે ઉભરાય છે. મતલબ કે મૂઢ-મોહાતુર જીવોને શ્રુત જ્ઞાન પણ અજ્ઞાનપણે પરિણમે છે અને તેથી તેમને લાભ-હિત થવાને બદલે નુકશાન-અણહિતજ થાય છે.

૩૮ પોતાના આત્માને બોધ કર્યા વગર એટલે આત્મબોધ મેળવ્યા વગર જે કોઈ અન્ય જનોને બોધ આપવા મંડે છે તે પણ જડ-મૂર્ખજ જાણવા. કહો કે સ્વજન વર્ગ ભૂખ્યો મરતો હોય ત્યારે દાનશાળા ( સદાવ્રત ) માંડવાનું શું પ્રયોજન હોય ? કશુંજ નહિ.

૩૯ કેટલાએક લોકો અન્યજનોને બોધ આપે છે અથવા સ્વરોદય, હઠયોગ કે જ્યોતિષ શાસ્ત્રના અભ્યાસથી કાળજ્ઞાન જાણે છે. અથવા સૂત્ર ભણે છે અને સદાય સ્વસ્થાન ( ઘર બાર વિગેરે ) મૂકીને ( તજીને ) બહાર ફરતાજ રહે છે પરંતુ આત્મબોધ-સ્વસ્વરૂપની ઓળખાણ થયા વગર તેમને મોક્ષ સુખની પ્રાપ્તિ તો થતીજ નથી

૪૦ કદાપિ કોઇને પણ નિન્દવો નહિ-નિંદા કરવીજ નહિ, તેમજ પોતાનાં વખાણ કરવાં નહિ એટલે આત્મશ્લાઘા ( સ્વપ્રશંસા ) પણ કરવીજ નહિ પરંતુ સમભાવ રાખવો એટલે ગમે તે કાર્ય પ્રસંગે કતૃત્વ અભિમાન નહિ કરતાં સાક્ષીભાવે વર્તવું-વર્તતા રહેવું એજ આત્મબોધ અથવા અધ્યાત્મજ્ઞાનનું ઉંડું રહસ્ય રહેલું છે.

૪૧ હે ચેતનરાય! જો તું આત્મવિજ્ઞાન ( આત્માનુભવ ) ઈચ્છતો જ હો તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તું પારકી ભાંજગડ (પંચાત) તજી દે, આત્મગુણના અભ્યાસવડે પોતાના આત્માનેજ રાજી કર (સંતોષ આપ) અને નકામી વાતો-વિકથા કરવાનું પણ તજી દે. ગમે તેમ કરીને સ્વાત્મહિત સંભાળ.

૪૨ હે વિચક્ષણ! (ચકોર ચેતન!) તું એવું ભણ, એવું ગણ, એવું વાંચ, એવું ધ્યાન કર, એવો ઉપદેશ આપ અને એવું આચરણ કર કે જેથી થોડો વખત પણ તું આત્મારામમાં (સહજ સમાધિરૂપ નંદનવનમાં) આનંદ-અનુભવ કરી શકે. એજ ત્હારો પરમધર્મ-પરમકર્ત્તવ્ય સમજ.

૪૩ આ પ્રમાણે ગુરૂશ્રીએ ઉપદેશેલું શ્રેષ્ઠ તત્ત્વ-સ્વરૂપ સમજીને હે મહાશય! તેમાં તું પ્રબળ પ્રયત્ન કર કે જેથી કેવળ લક્ષ્મી (સર્વજ્ઞતા) મેળવીને તું **જયશેખર**-આઠે કર્મ શત્રુઓનો સંપૂર્ણ જય કરનારો થઇ શકે.

(છેવટે પ્રકરણકારે સ્વનામ નિર્દેશ કરેલો છે.)

**સાર**—આપણ સહુએ આત્મજ્ઞાન સંપાદન કરવા પૂરતું લક્ષ રાખવું જ જોઇએ.

ઇતિશમ્.

**યોજક—શ્રીમાન્ કર્પૂરવિજયજી મહારાજ.**

# સમયોચિત કર્ત્તવ્ય.

પાંચ વર્ષ થયા ચાલતા મહાન યુદ્ધથી લાખો બલ્કે કરોડો મનુષ્યોનો સંહાર અને અબજો રૂપૈયાનો ખર્ચ થયા બાદ હાલમાં સર્વત્ર સ્થળે તે મહાન યુદ્ધની શાંતિના સમાચાર જાણવામાં આવતાં આખી દુનીયામાં ખુશાલી ફેલાઇ છે. આખી દુનીયા જીતવાના લોભમાં મદોન્મત થયેલ જર્મન શહેનશાહે છેવટે હાર ખાધી છે, અને પોતાની ધારેલી ધારણામાં નિષ્ફળ થયેલ છે, અને ન્યાયી બ્રીટીશ સરકાર અને મિત્ર રાજ્યનો વિજય થયો છે, તેથી તે માટેની અમો પણ અમારી ખુશાલી જાહેર કરીયે છીયે. આ મહાન યુદ્ધને લઇને પાંચ વર્ષ થયા દરેક ચીજની અસાધારણ મોંઘવારી, સાથે આ વર્ષે દુકાળ પડવાથી તે મોંઘવારીમાં થયેલ વધારાથી, તેમજ વળી દાઝયા ઉપર ડામની જેમ આ વર્ષ ઇન્ફ્લ્યુએન્ઝાના તાવે પોતાનું અતિ જોર ચલાવ્યાથી ઘણા મનુષ્યોને તે રોગ અને મોંઘવારીથી દુઃખી થવાનો, અને માંદગીના અનુભવનો પ્રસંગ પ્રાપ્ત થયો છે. કેટલાક મનુષ્યોઓ તો તે રોગના ભોગ પણ થઇ પડયાં છે, તે પ્રસંગે દરેક મનુષ્યે પોતે બીજા પોતાના બંધુઓનું કે કોઇ પણ મનુષ્યનું હૃદયમાં દુઃખ જાણી યથાશક્તિ મદદ કરેલી હશે તેઓ તો ધન્યવાદને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાત્ર છે, પરંતુ મળેલ લક્ષ્મીનું સાર્થક આવા બારીક પ્રસંગે નહીં કરનારને તો તે પશ્ચાતાપરૂપ અને અપ્રશંસનીય પણ થયેલ હોવું જોઇએ. લડાઇને લીધે દરેક વસ્તુના વધી ગયેલા અસાધારણ ભાવોથી તે તે વસ્તુના વેપાર કરનારાઓએ લાભ પણ યોગ્ય રીતે કે અસાધારણ રીતે મેળવ્યો છે, અને અત્યંત લોભી મનુષ્યો, બીન અનુભવી અને મળેલામાં સંતોષ નહીં રાખનારાને આગ, દુકાળ કે આવી મ્હાન લડાઇમાં મેળવેલ લક્ષ્મી લોકોક્તિ પ્રમાણે અવિચળ બહુધા જેમ રહેતી નથી, કારણ કે લોભને અંગે તેમાં પરિણામની વિશુદ્ધતા રહેતી નથી અને નિંધ્વંસ પરિણામ રહેવાના યોગે મળેલ લાભ કરતા વધારે હાની થવાના પણ પ્રસંગો ઉપસ્થિત થતાં જોવામાં આવે છે જેથી આવા સંયોગમાં મળેલ લાભમાં સંતોષ રાખી, તેમજ તેમાંથી પોતાના આત્માના સાર્થક માટે અમુક ભાગ ખર્ચી નાખનાર કે રાખનાર, સમયને ઓળખનાર બુદ્ધિશાળી મનુષ્યજ ધન્યવાદને પાત્ર છે, બાકી તો તેવો વિચાર નહીં કરનારને અત્યંત લોભથી તે મળેલ લક્ષ્મી ચાલી જતાં અસંતોષ માટે, મળેલ પ્રસંગે સદ્વ્યય, સાર્થક નહીં કરવાથી પશ્ચાતાપજ કરવો પડે છે; જેથી આવા પ્રસંગોએ તેમજ ભવિષ્યમાં તેવા પ્રસંગો ન પ્રાપ્ત થાય તેને માટે શું કરવું જોઇએ તે વિચારવું જોઇએ.

હિંદુસ્તાનમાં શુમારે બાવીશ વર્ષ થયા પ્લેગનો વ્યાધિ શરૂ થતાં, અનેક મનુષ્યો તેના ભોગ થઈ પડ્યા છે, તેવા સંયોગમાં ઘણી વાર આપણને અનુભવ મળ્યો છે કે, તે રોગવાળા કેટલાક મનુષ્યને તેવે વખતે અલાયદુ સ્થાન, દવા માટે પૈસા અને સારવાર માટે પોતાના સ્વજનો કે અન્ય મનુષ્ય સ્પર્શ કરતું કે ખબર પૂછતું પણ નહોતું અને ઢોર કરતાં પણ વધારે ખરાબ સ્થિતિમાં મરણ શરણ થયેલા છે, હજી તે બીમારી બીલકુલ નાબુદ થઇ નથી તે દરમ્યાન આ દેશમાં આ વર્ષે વળી ઇન્ફ્લ્યુએન્ઝાનો રોગ શરૂ થયો અને તે સિવાય વળી બેચાર પાંચ વર્ષે દુષ્કાળ પણ આવીને ઉભો રહે છે, તેવા સંકટો જ્યાં આ દેશમાં ઉપરા ઉપરી આવા લાગ્યા છે ત્યાં દરેક મનુષ્યે દરેક સમાજે પોતાની કોમ માટે પોતાની કોમના પોતાના બંધુઓના આશ્રય, સહાય, તેવા વખતેની મદદ માટે આગળથી ઉપાય લેવા અને તેઓને બચાવવા, તેવા રોગો અટકાવવા, થાય તો તેમાંથી સારવાર કરી રક્ષણ કરવાને જે પ્રયત્નો, અને તેને માટે સાર્વજનિક ફંડો, વગેરે કરી અગાઉથી તૈયારી રાખવાની હોય છે એવી હવે ખાત્રી પૂર્વક જ્યાં જરૂરીયાત જણાઇ છે, ત્યાં હજી સુધી તેવો પ્રયત્ન ન કરતાં કોઇ સમાજ સમયને ઓળખ્યા વગર પોતાની સમાજમાંથી માત્ર એક દિવસના સામાન્ય આનંદ માટે મોટી પૈસાની રકમ એકઠી કરવા પ્રયાસ કરે, અને તે કાર્ય સમયને અનુકુળ કે પ્રતિકુળ છે કે, ગૌણુતામાં રાખવા જેવું છે કે તેને બદલે જનસુખાકારી, આરોગ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે વિદ્યાવૃદ્ધિ કે જેની જરૂરીયાત પુરેપુરી હવે જણાઈ છે તેના માટે પ્રથમ જરૂર છે તેનો પણ વિચાર ન કરે અને તેવી રીતે બીજાને દોરવે તે કેટલું સમયને અનુચિત છે તે વિચારવાનું છે.

ભાવનગરમાં ગયા પર્યુષણમાં એક મોટું ફંડ જૈન સમુદાયમાં અવિચલ નામ રાખવા કે પછી કીર્તિની ઇચ્છાથી કે ગમે તેવા શુદ્ધ હૃદયગત વિચારથી ત્યાંના જૈન બંધુઓએ રકમ આપી જેથી આગેવાનોએ એકઠું કર્યું છે, અને તેમાં એકને બદલે બે શ્રી સંઘના જમણવાર કરવા અને વ્યાજમાં વધારો રહે તો જૈનબંધુઓના ઉપયોગ માટે વાપરવું તેવો ઠરાવ કર્યો છે; જો કે આ કાર્ય નિષેધ છે અને નકામું છે એમ અમે કહેવા માંગતા નથી પરંતુ જ્યાં દરવર્ષે એક સંઘ અમુક રૂપૈયાના વ્યાજ અને બાકીની ટીપથી જમતો હતો અને કોઈ વખતે બંધ રહે તેમ હતું જ નહીં, કારણકે ઘણે ભાગે મરણ પાછળ તરતજ કારજ કરવાનો રિવાજ ઘણે ભાગે અહીં બંધ થતાં ભાદરવા શુદ ૫ નો સંઘ જમાડવાની ઇચ્છાએ સંઘ નિમિત્તે મુકાયેલ રકમના વ્યાજના રૂપૈયા તથા બાકીની થોડી ટીપ અથવા બધા રૂપૈયા બાકીના પોતે આપી તે, અથવા જેને ઘેર તપસ્યા થઈ હોય તે ભાદરવા શુદ ૫ નો સંઘ જમાડવા તૈયાર થતાં એટલે કે જે બંધુને જેવો પ્રસંગ હોય તેને લઇને જમાડે છે અને તેવા ઘણા દાખલાઓ છે, છતાં એક ભાઈબંધ પત્રકાર પોતાના પત્રની સ્ફુટનોંધમાં હાલમાં જણાવે છે કે "* * આવા સમયમાં (એટલે કે પર્યુષણ લગભગ) અત્રેના સંઘમાં મોટી ફાટફુટ પડશે કે કલેશ થશે તેવો સંભવ જણાતો હતો અને ઘણા વખતથી ભાદરવા શુદ ૫ નું સ્વામિવાત્સલ્ય જમાડવામાં આવતું હતું તે જમવાની આશા નહોતી ત્યારે * * એક મોટું ફંડ એકઠું કરવા પ્રતિવર્ષે એકને બદલે બે સ્વામિવાત્સલ્ય જમવા અને વ્યાજના વધારાની રકમ શ્રાવક-શ્રાવિકાઓના ઉપયોગાર્થે વાપરી શકાય તેવું કરવા અત્રેનો સંઘ શક્તિમાન થયો છે." આવી હકીકત બહાર આવતાં તેને માટે જરા આપણે ઉહાપોહ કરવાની જરૂર છે. તે ભાઈબંધ પત્રકાર પ્રથમ તે ફકરામાં ત્યાંના સંઘમાં મોટી ફાટફુટ પડવાનો કે કલેશ થવાનો સંભવ જણાવે છે, તો આવી હકીકતને તેઓ જ્યારે છાંણે વિંછી ચડાવવા જેવું કરી બહાર મુકે છે તો અમારે સખેદ તે માટે લખવું પડે છે કે આ વર્ષેજ મોટી ફાટફુટ પડશે કે કલેશ થશે તેવો સંભવ તેમને જણાયો? કે દરવર્ષે આવા પ્રસંગો પ્રાપ્ત થાય છે અને કેવા સંયોગોમાં કોણ ઉત્પન્ન કરે છે તેનો ખુલાસો હવે પછી તેઓશ્રી કરશે. આ વખતે અને અઢી વર્ષ પહેલાં શ્રી સંઘની કમીટી નીમવા, નીમ્યા પછી વ્યવસ્થાપૂર્વક કામ કરવા, બીજાના કાર્યમાં દખલગીરી નહીં કરવાની છતાં તેની વિરૂદ્ધ કરી આપખુદ સત્તા વાપરી, બીજા બુદ્ધિશાળી, કાર્ય કરનારા સમજનારા, કાર્ય વ્યવસ્થાપૂર્વક કરાવનારા શ્રી સંઘની વધારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉન્નતિ ઇચ્છનારા સુધારક બંધુઓની અવગણના કરી તેના કાર્યમાં દખલગીરી કરી તેવા વિચારોવાળાને સમય હોય તો તેને ઉતારી પાડવા અનેક સંયોગો પ્રાપ્ત થતાં થતી અથડામણીને લઇને, તે સંબંધી થતા પ્રશસ્ત સંવાદ, નમ્રતાપૂર્વક ચર્ચા વિગેરેને બાજુએ મૂકી, તેને કલેશ માને છે આગેવાનોની–અમુક વ્યક્તિઓની પદ્ધતિથીજ કમીટીનું કાર્ય બંધ રહ્યું, મરજી પ્રમાણે કરવાની ટેવથી, બીજાનું નહીં સાંભળવાની સ્થિતિથીજ બીજાઓની ચર્ચાથી તેમજ તેઓએ કરેલા કાર્ય જાણવાની અભિલાષીઓના સવાલ–જવાબથી અકળાઇ અમુક આગેવાન વ્યક્તિ અને સુધારકો બંને પાર્ટી વચ્ચે ફાટફુટ પડવા જેવું નહીં છતાં ફાટફુટ પડશે અને પરિણામ કલેશવાળું નહીં છતાં કલેશ થવાનો ભય તે આગેવાન વ્યક્તિઓને રહેતો હોય તે બનવા જોગ છે અને તેને લઇનેજ તે બંધુ પત્રકારે તેવું માની લીધું હોય તેમ બીજાઓ ધારે તે બનવા જોગ છે. આ સંબંધમાં જૈન–જૈન શાસનમાં અનેક વખત ચર્ચાપત્ર–લેખો આવી ગયા છે તેથી તે માટે વધારે લખવાની જરૂર નથી. પરંતુ જ્યાં દર વર્ષે એક સંઘ જમતો હતો તેવા સંયોગમાં એક મોટી રકમ એકઠી કરી જમણવારને બદલે જૈન બંધુઓની સુખાકારી માટે, આરોગ્યતા માટે, વિદ્યાવૃદ્ધિ માટે તેઓની ધાર્મિક ઉન્નતિ માટે અનેક સાધનોની હાલના સમયમાં જરૂર છે અને બીજી કોમો તે માટે આગળ વધતી જાય છે તેવા સંજોગ છતાં તે પત્રકાર બંધુએ જણાવેલ મોટી રકમ અત્રેના સીદાતા એવા શ્રાવકક્ષેત્ર માટે તેની ઉન્નતિ માટે તેજ રકમનું તમામ વ્યાજ વાપરવા માટેનો શા માટે પ્રયત્ન કરવામાં આવ્યો નથી, તેટલુંજ નહીં પરંતુ ઉપર બતાવ્યું છે તેમ જ્યાં દર વર્ષે રોગોપદ્રવ આવે છે, બે પાંચ વર્ષે દુષ્કાળ પડે છે તેવા સંયોગમાં તેમાંથી બચવા, રોગો આવે તો અટકાવવા અને જૈન બંધુઓનું તેમાંથી રક્ષણ કરવા શામાટે આવી મોટી રકમના ફંડનો ઉપયોગ કરવામાં ન આવે ? જો આ સમયમાં આવા સ્વામિવાત્સલ્યની ગૌણતા–ઓછી જરૂરીયાત હોય તો પછી શ્રાવકક્ષેત્રને માટે તેની ઉપર પ્રમાણેની બતાવેલી ઉન્નતિ માટે તેવા ફંડો કેમ કરવામાં આવતા નથી ? વળી અમારા આ પત્રકાર બંધુ એકને બદલે બે સ્વામીવાત્સલ્ય થયાનો આનંદ જાહેર કરે છે, તો શું એક તે પુરતો નહોતો, એટલે બીજાની જરૂરીયાત જણાણી. અમો તો માનતા આવ્યા છીયે કે આ ફંડ થયાં થયા પહેલાં જેમ સ્વામીવાત્સલ્ય જમતો હતો તેમ આ શહેરમાં ઘણા જૈનો શ્રીમાન અને વ્યાપારી સારી સ્થિતિના હોવાથી એક સંઘ જમ્યા જ કરત, એટલે બે સંઘ માટેની થયેલી આટલી મોટી રકમ ઉપર બતાવ્યા પ્રમાણે સમાજ ઉન્નતિ માટેના તેની પ્રગતિ માટેના કાર્યમાં તેનો વ્યય કરવો વધારે ઉચિત થઇ પડત, પરંતુ મનુષ્યો જ્યાં સમય ઓળખતા નથી, પોતાની–પોતાના બંધુઓની ખરી સ્થિતિનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં ભાન નથી અને કીર્તિની–નામનીજ જ્યાં અભિલાષા છે ત્યાં આવા સમયમાં ગૌણુતામાં રાખવા જેવા કાર્યોમાં પૈસા આપે છે આવા કાર્યો વધારે પસંદ કરે છે; અને તેવા મનુષ્યને આધિન થઇ દોરવાય છે, તે ખરેખરૂં સમયજ્ઞપણું નથી. તેવાઓ તો તેમ કરે, પરંતુ જ્યાં બુદ્ધિશાળી અને મોટા ગણાતા બંધુઓને પણ આવી બાબતમાં આનંદ પડે છે ત્યાં આવા જ્ઞાનની ખામીવાળા સમયને નહીં ઓળખનારને પસંદ પડે અને દોરવાય તેમાં નવાઇ શી ? અને તેવા મોટા માનવામાં આવતા પુરૂષો દરેક પ્રસંગે જુદે જુદે વખતે હૃદયમાં જુદું અને બહાર જુદું જણાવે છે એમ તેમનેમાટે અન્ય બુદ્ધિશાળી મનુષ્યો હવે ધારણા કરે તો તે બનવાજોગ છે. અમો આવા જમણવારના સ્વામીવાત્સલ્યના કાર્ય કે તેના ફંડ માટે કોઈ પણ રીતે વિરૂદ્ધ નથી, પરંતુ જે સ્થળમાં, જે સંયોગોમાં જે સમયમાં જેની જરૂરીયાત હોય તે પડયું રહે અને ગૌણુતા મુકવા જેવું, ઓછી જરૂરીયાતવાળું કાર્ય વધારે પ્રમાણમાં આગળ આવે તેને માટે લખવાનો અમારો આ સુપ્રયત્ન છે. આ પત્રકાર બંધુ કે બીજા અત્રેના કોઇ બુદ્ધિશાળી કે મોટા ગણાતા સમાજના લીડરો, શ્રાવક ઉન્નતિ માટે સમાજની પ્રગતિ માટે–વિદ્યાવૃદ્ધિ, આરોગ્યભુવન–સેનીટેરીયમ–અનાથ આશ્રમ કે તેવા બીજા અનેક સાધનો માટે ફરી આવું એક ફંડ મ્હોટું કરી આવા શ્રાવકક્ષેત્રની પ્રગતિ માટેના એક સમયોચિત કાર્ય કરી તેઓએ બતાવેલ આનંદને બદલે તેવો આનંદ વધારે બતાવશે. વળી તેઓશ્રી તે ફકરામાં જણાવે છે કે બે સ્વામીવાત્સલ્ય કરતાં ઉપરાંત જે વ્યાજનો વધારો રહે તે શ્રાવક શ્રાવિકાના ઉપયોગમાં વપરાશે, તો તે બાબતમાં જણાવવાનું કે ભાવનગરનો જૈન સમુદાય મ્હાટો હોવાથી ( શુમારે ચાર હજારની સંખ્યામાં હોવાથી ) બે સ્વામિવાત્સલ્ય જમાડતાં બાકી વ્યાજની નજીવી રકમમાં શું કાર્ય થઇ શકે ? માત્ર સામાન્ય અનાજ કપડાંની મદદ સિવાય કંઈજ નહીં ? આ કાર્ય ત્યાંના આગેવાનો જેમ કરી શકયા છે તેમ હવે તેટલું જ ફંડ શ્રાવકઉન્નતિ માટે ફરીથી કરી બતાવી સમાજનો આશિર્વાદ મેળવશે, અથવા અમો છેવટે તો તેમ કહેવા માગીયે છીયે કે એક સ્વામિવાત્સલ્ય જેટલું ફંડ રાખી બાકીનું અડધું ફંડ તથા બીજો તેમાં વધારો કરી સમાજસેવા તેઓ ખરેખરી બજાવશે જેથી અમો પણ ઉપકાર માનીશું. બાકી હજી સુધી સમયનો વિચાર ન કરતાં દુનીયામાં શું શું બને છે, બીજી કોમો કેમ આગળ વધે છે તેનો પણ વિચાર ન કરતાં પોતે માને છે લખે છે બોલે છે તે સાચું છે અને પોતે જે કરે તે સમાજઉન્નતિ અને ધર્મનું કાર્ય છે તેવું તેઓ ભલે માને, પરંતુ બુદ્ધિશાળી–કેળવાયેલા, અનુભવી મનુષ્યો તેવી વ્યકિતઓને જુના વિચારવાળા, મરજી પ્રમાણે કરનાર કે ઘેલાવછાળા તેઓ છે એમ માને કે બોલે તે બનવા જોગ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી તે ફકરામાં ભાઇબંધ પત્રકાર જણાવે છે કે તે વખતે બીરાજમાન મહાત્માના શુભ પગલાંનો પ્રતાપ છે, તે વાતને અમો સંપૂર્ણ સંમત્ત છીયે, પરંતુ આવી સંઘના કાર્યોની વ્યવસ્થા સંબંધી કુદરતી નીર્માણ થયેલ. કે વહીવટ કરનારની તેવી પદ્ધતિથી પર્યુષણના પવિત્ર દિવસોમાં જ દર વર્ષે ચર્ચા વગેરે થતી, કે જેને આ બંધુ કલેશનું રૂપ આપવા માગે છે તેથી આ વખતે થયેલ તેવી ચર્ચા વખતે બીરાજમાન પંન્યાસજી શ્રીમદ્ ચતુરવિજયજી મહારાજ તથા શ્રીમાન્ ચિત્તવિજયજી મહારાજ બંને મહાત્માઓ આ ચર્ચાઓ–સુધારાઓની વચમાં નહીં પડવાથી, એકમાર્ગી તપાસ નહીં ચલાવવાથી, એક જ બાજુને પુછી તેના એકલા ઉપર જ વિશ્વાસ નહીં રાખતાં બીજી બાજુનું સાંભળી વિશ્વાસ રાખી યોગ્ય લાગે તો કહી સાંભળી એટલે કે ઘણે ભાગે તેમાં તે મહાત્માઓએ ભાગ નહીં લેવાથી, તેમજ તેમના ચારિત્ર તથા તપસ્યાના પ્રભાવિકપણા અને સમયોચિત વર્તવાથીજ તે બંને મહાત્માઓનો અત્રેનો સમુદાય આભારી થયો છે, તેવી ચર્ચા જેને કલેશ માનવામાં આવે છે તેને હાલમાં તો ભારી દીધો છે, ભારી દીધો છે એટલા માટે લખવું પડે છે કે તેવા પ્રસંગો એટલે કે બોલેલું ફરી જવાથી અનેક ચર્ચાના પ્રસંગો વખતોવખત પ્રાપ્ત થયા છે. હવે હાલમાં શ્રી સંઘની કમીટીનું બંધારણ અને થયેલ વ્યવસ્થા પ્રમાણે જો કાર્ય ચાલુ રહેશે, આપખુદીપણું અમુક વ્યક્તિઓ નહીં ચલાવે દખલગીરી નહીં કરે તો ચર્ચા–કલેશ નહીં થાય. નહીં તો પાછી તેવીજ સ્થિતિ પ્રાપ્ત થાય એમ કોઇ માને તો બનવા જેવું છે. ખરી હકીકત વગર છુટકે પ્રશસ્ત હૃદયથી આટલી જણાવવી પડી છે.

બીજી હકીકત એ કહેવા માંગીયે છીયે કે ગયા ઇન્ફ્લ્યુએન્ઝાના રોગે જેમ સંસારી ઉપર અસર કરી છે તેમ ત્યાગી મહાત્માઓ ઉપર પણ અસર કરી છે. શહેર ભાવનગરમાં પણ ત્રણ મહાત્માઓ આ રોગના ભોગ થઇ પડતાં બે મહાત્માઓ સ્વર્ગવાસી થયા છે, એક મહાત્માને આરામ થયો છે. ગૃહસ્થી કરતાં મુનિમહારાજ માટે આપણા સર્વેનું એક સરખું કર્તવ્ય છે. આવા ઇન્ફ્લ્યુએન્ઝાના વ્યાધીમાં કે જ્યાં તેમાંથી ન્યુમોનીયા કે હાર્ટ ફેઇલ થઇ જાય છે, કે જેની દેશી વૈદ્યોને તે વ્યાધિની ઘણે ભાગે ખબર પડતી નથી ત્યાં દેશી દવા માટે તો વિચારજ શું કરવો? જેથી તેવે પ્રસંગે મુનિમહારાજાઓ માટે જે વ્યાધિઓમાં દેશી વૈદનું અજાણપણું હોય ત્યાં ડાકટરી દવા કરવીજ જોઇએ. ડાકટરી દવા માટે હાલમાં તે પત્રકાર બંધુએ પોતાના પત્રમાં ગમે તે કારણથી હાલમાં નિષેધપણું બતાવ્યું છે. તેઓ તેમાં જણાવે છે કે:—" મુનિમહારાજ માટે જરૂર જણાય ત્યારે શ્રાવકોએ દેશી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈદ્યો પાસેજ દવા કરાવવી. ડાકટરી દવા અભક્ષ્યપણાને માટે સંશયાત્મક છે, તેમાં મદ્યાપિ નિષેદ્ધ પદાર્થોનો ઉપયોગ થાય છે. આવા હેય પદાર્થો તે મહાત્માઓ માટે વાપરવા કે વપરાવવા તે કોઈ રીતે અમોને અનુકુળ જણાતું નથી. વખતે કોઇ સ્થળે સ્ખલના થવાનો સંભવ રહે તો શ્રાવકોએ મુનિરાજોને ચેતવવા તેજ તેમનું કર્તવ્ય છે એમ અમોને લાગે છે. વગેરે વગેરે" હકીકત બહાર મુકી છે. આ સંબંધમાં અમો કહેવા માગીયે છીયે કે જે મહાત્માઓ વ્યાધિ આવ્યા બાદ કોઈ પણ જાતની દવા લેવાની.ઈચ્છા ધરાવતા નથી તેઓને માટે તો ખરેખર ધન્યવાદ છે, પરંતુ જ્યાં મોટો ભાગ દવા લેવાની તરફેણમાં હોય અને તે વખતે વ્યાધિ સમજવા માટે દેશી વૈદ્યોનું અજાણપણું હોય ત્યાં તે પત્રકાર બંધુએ જણાવ્યા પ્રમાણે શું ડાકટરી દવા કે ઈલાજ ન કરવો ? મુનિના બચાવ માટે તેમના સંયમના નિર્વાહ અને રક્ષણ માટે અપવાદમાર્ગે શાસ્ત્રકારે કેવી કેવી છુટ આપી છે કે જે છુટ ગીતારથ ગુરૂની આજ્ઞાથી સંયમને બાદ ન આવે તેવી રીતે લેવાય છે, તે વાત તે પત્રકાર જાણુતા ન હોય એમ અમારૂં માનવું નથી.) વળી તે પત્રકાર બંધુ તેમાં જણાવે છે કે ડાકટરી દવા તમામ અભક્ષ્યપણા માટે સંશયવાળી તથા તેમાં નિષિદ્ધ પદાર્થોના ઉપયોગ થાય છે એમ બતાવે છે, તો અમે પુછવા માગીયે છીએ કે કયા ડાકટરને પુછીને કે કયા ઇંગ્રેજી વૈદ્યક ગ્રંથ વાંચી ઇંગ્રેજી તમામ દવાને આવી જાતની (તેમના કહેવા પ્રમાણેની) ખાત્રી કરી છે, અમો હિંમતથી અને ખાત્રી કરી પછી કહેવા માંગીયે છીયે કે બધી ડાકટરી દવા તેવી હોતી નથી. ઘણા પાઉડરો, (ભુકીઓ, ચુરણો) અને કેટલાક પ્રવાહી જેવાકે એકવા મેન્થોલ, એકવા કેમ્ફર કરીયાતાની ચા અને એવી બીજી કેટલીક દવાઓ ઇંગ્રેજી છે કે જેમાં ધર્મનો બીલકુલ બાધ આવતો નથી અને આ પત્રકાર મહાશય પણ શું તે વાત જાણુતા નથી કે ? વળી આ વખતે અને હાલમાં આ સ્વાલ ઉપાડવાનું કારણ ભાવનગરમાં અમુક સાધુ મહારાજાની માંદગી પ્રસંગે તે બાબતમાં થયેલી ચર્ચા અને તેમાં પોતાનું ધાર્યું પાર પાડવા અથવા તેવી રીતે બીજાને (સમાજને) ઠસાવવા આ વખતેજ પોતાના પત્રમાં તે પ્રસંગાનુસાર લખી બહાર મુકયું હોય એમ બીજાઓ માને છે. વળી અમો તે પત્રકાર બંધુને પૂછવા માંગીયે છીયે કે જ્યારે આપનો મત ડાકટરી દવા માટે નિષેધ છે અને સાધુઓને દવા નહીં આપવાનો હોઇ સાધુઓને તેવે વખતે ચેતાવવાનો છે તો આ પહેલાં ભૂતકાળમાં (તમો) કોઇ મુનિ મહારાજ માટે ડાકટરોને બોલાવી દવા આપી અપાવી લેવરાવી છે કે નહીં ? અમારી પાસે તે પત્રકાર બંધુએ અનેક મુનિમહારાજ માટે ડાકટરોને બોલાવી દવા અપાવ્યા–લેવરાવ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના અનેક દાખલા છે ( તે અત્યારે ખુલ્લા ) મૂકવા માગતા નથી, તો તેવે વખતે પોતાનો આવો અભિપ્રાય અને મત બહાર કેમ મુકયો નહીં ? તે મુનિમહારાજને કેમ ચેતાવ્યા નહીં; પોતાના પત્રમાં કેમ લખ્યું નહીં, અને અત્યારે તે કેમ યાદ આવ્યું તે સમજી શકાતું નથી ? પત્રકાર બંધુ પોતાની વાત દ્રઢ કરવા ડાકટરની દવા લેવી તે ચારિત્રને દુષણ લગાડવા જેવું છે ત્યાં સુધી લખે છે, હા અમે કબુલ કરીયે છીએ કે તેવી દોષીત દવા વપરાયતો તેમ ખરૂં, પરંતુ જ્યાં ડાકટરી દવા કેટલીક નિર્દોષ હોય છે તેવી વાંપરવામાં શું બાદ આવે તે અમે સમજી શકતા નથી. ઉત્કૃષ્ટ સાધુ દશા ટકાવી રાખવા માટે શ્રાવક કર્તવ્ય જણાવવાને બહાર આવેલા અમારા તે પત્રકાર બંધુ અત્યાર સુધી અનેક મહાત્માઓ માટે ડાકટર લાવી દવા અપાવી છે, તેમાં ભાગ લીધો છે છતાં આ વખતે ઉપદેશ આપવા બહાર આવ્યા છે. જ્યારે એક વખત જે કાર્ય પોતે કરે છે તે કાર્ય પછીથી બીજાઓને બીજી રીતે સમજાવવામાં નીકળે, તેનો અર્થ એટલો કે ગમે તેવા કારણ અને સંયોગમાં પોતાની વાતને દ્રઢ કરવા, બીજાને પોતાની હકીકત ઠસાવવા, વાણીદ્વારા કે લેખનીદ્વારા સમજાવવું તે સિવાય કશું નથી. એક પ્રસંગે કાંઇ ને બીજે પ્રસંગે કાંઇ ચલાવવું તે બંને બાજુ વગાડવા જેવું છે તે સિવાય બીજી કાંઈ ન કહેવાય, અને હજી પણ લોકોને ગમે તે કારણો અંધારામાં રાખવા અને પોતે ધારેલું મનાવવું તેવો જમાનો હવે રહ્યો નથી, અને તેવા સંયોગમાં કદાચ લોકોમાં ભવિષ્યમાં વખતે વિશ્વાસ ઉઠી જાય તે બનવા જોગ છે.

વળી તે પત્રકાર બંધુ જણાવે છે કે " ડાકટરી દવાથી બચી શકાય છે અને દેશી દવાથી બીલકુલ નકામી છે " એવું કોઇએ કહ્યું હોય તેમ અમો જાણતા નથી છતાં, તે સામે પોતે કાઢેલા બળાપા સામે અમે એવું કહેવા માગીએ છીએ કે જ્યારે દેશી દવા અને વૈદ્યજ કામના છે, તો ભાવનગરમાં તેવે વખતે એક મહાત્મા કે જેને માટે ડોકટરે જલદી ચેતવા ભલામણ કરેલી છતાં, દેશી વૈદ્યની દવા રાખતાં છતાં તે મહાત્માનો સ્વર્ગવાસ કેમ થયો ? આમ બન્યું હોય તો તે માટે તે આગ્રહ હતો એમ બીજાઓ માને તે પણ બનવાજોગ છે. ગમે તેમ હોય, પરંતુ દેશી વૈદ્ય કે ડોકટર બંને આયુષ્ય વધારી દેતાં નથી, પરંતુ જ્યાં વ્યાધિઓ નવી નવી જાતના આવે છે, જેમાં દેશી વૈદ્ય ન સમજી શકે અને દવા પણ ન જાણી શકે, ત્યાં તેવા ભયંકર રોગ અને સ્થિતિમાં ડાકટરની મદદ અને બાધ ન આવે તેવી દવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિમહારાજ કે જેઓશ્રી દવા કરવા ઇચ્છતા હોય તેમને આપવા અને તેમ કરી ગુરૂ ભક્તિ કરવા શું અડચણ આવે છે ? અને તેમ છતાં તેને આટલે હદ સુધી નિષિદ્ધ કરવા ભાઇબંધ પત્રકારનો શું હેતુ હશે તે સમજી શકાતું નથી. આવા પ્રસંગો ઉપસ્થિત કરવા તે અમોને યોગ્ય લાગતું નથી, વળી આવો પ્રસંગ હાલમાં ભાવનગરમાં (આ સંબંધી ચર્ચા વાળો) બની ગયેલો છતાં અમોએ તે વાત ઢાંકી દીધી હતી, પરંતુ જ્યારે તે પત્રકાર બંધુજ બહાર લાવ્યા છે ત્યારે તે સંબંધી અમારા વિચારો બહાર મુકયા છે, આ બાબતમાં વધારે ઉતરવા કરતાં જે મહાત્માઓને જે જે દવા કે ઇલાજ પસંદ હોય અને બાધ વાળો ન હોય તો ગમે તે ઈલાજ ચારિત્રના નિર્વાહ અને રક્ષણ માટે જરૂરનો છે અને શ્રાવકોએ તે ધ્યાનરાખી અપાવવાનો છે. A.

## શ્રીમાન મુનિ મહારાજશ્રી મુક્તિવિજયજી ગણિ ( મુળચંદજી મહારાજશ્રી ) ની ઉજવવામાં આવેલી

# જયંતી.

શ્રીમાન્ શાંતમૂર્તિ શ્રી મૂળચંદજી મહારાજની માગશર વદી ૬ ના રોજ સ્વર્ગવાસ તીથી હોવાથી **શ્રી જૈન આત્માનંદ સભા** ભાવનગર તરફથી ઉક્ત મહાત્માની જયંતિ નિમિત્તે શ્રી દાદાસાહેબના દેરાસરજીમાં શ્રીમાન વલ્લભવિજયજી મહારાજ કૃત પંચપરમેષ્ટિની પૂજા સવારના નવ વાગે ભણાવવામાં આવી હતી. તેમજ શ્રી મૂળનાયકજી શ્રી મહાવીર સ્વામી પ્રભુની અને પુજ્યપાદ મૂળચંદજી મહારાજશ્રીના પાદુકાની આંગી કરવામાં આવી હતી, સાંજે સ્વામિવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. આ મહાત્માનો પણ આ શહેર ઉપર ઉપકાર હોવાથી તેઓશ્રી ભક્તિ નિમિત્તે આ રીતે બે વર્ષથી ઉક્ત સભા તરફથી જયંતિ ઉજવવાનું શરૂ કરવામાં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ધર્મવીર મહોપાધ્યાયજી મહારાજ:—

# શ્રીમદ્ વીરવિજયજીનો સ્વર્ગવાસ.

સર્વ સજ્જનોને વિદિત થાય કે આજે આ લેખમાં જે વિષય લખવા માટે હમો લેખિની ઉઠાવીયે છીયે તે વિષય હૃદયને દ્રવિત કરાવનારો, આંખોમાંથી અશ્રુ પડાવનાર, કરને કંપાવનાર, તેમજ ચિત્તને શોકાગ્નિમાં મગ્ન કરાવનાર છે. આ લેખ લખતાં અક્ષર અક્ષરમાં લેખિનીને સ્ખલના પહોંચે છે, તથાપિ ધૈર્યતાનું અવલંબન ધરી એક મહાન ધર્મગુરૂની કિંચિત્ જીવનરેખા જગદ્વાસી જંતુઓને અનુકરણીય હોવાથી વાંચકો સમક્ષ આલેખવા હમો ઉત્કંઠિત થયા છીયે.

પ્રાત: સ્મરણીય પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજના નામથી તો ભાગ્યેજ કોઇ અજ્ઞાત હશે, કે જેમણે ચિરકાળથી સ્વીકારેલ ચારિત્રવસ્થામાં જૈન તેમ જૈનેતર વર્ગને પોતાની અનુપમેય વાણી દ્વારા સન્માર્ગ પ્રતિ દોર્યા છે. તે મહાત્માશ્રીને લગભગ તેર માસથી જીર્ણ જવર લાગુ પડયો હતો તેથી અને વૃદ્ધાવસ્થાને લઇને શારીરિક સ્થિતિ બહુજ અશકત થઇ ગઇ હતી, તો પણ તેમની શાંતિ ધૈર્યતા અને ધર્મપ્રત્યે શ્રદ્ધા અડગ હતાં છેલ્લા ત્રણ માસથી તેઓશ્રીને ગંભીર બીમારીએ ગ્રસ્ત કરેલા હતા જેથી તેમનું જીવન દીપશિખાવત્ અસ્થૈર્ય હોવાથીશિરસ્છત્રરૂપ શાસન પ્રભાવક શ્રીમદ્ વિજયકમળસૂરિશ્વરજી મહારાજ શ્રી વ્યાખ્યાન વાચસ્પતિ શ્રીમદ્ લબ્ધિવિજયજી મહારાજ વિગેરે બોરસદથી, મ્હેસાણાથી પં. શ્રી મેઘવિજયજી ગણી તથા શ્રીમાન પ્રેમવિજયજી મહારાજ વિગેરે, દરાપુરાથી, પં. શ્રી મોતીવિજયજી તથા આદિ અને પેટલાદથી શ્રી વિનયવિજયજી તથા શ્રી કેશરવિજયજી વિગેરે મુનિવરો તેઓશ્રીને માટે આકર્ષાઇ ચોમાસાની પૂર્ણાહુતિ થતાંની સાથેજ વિહાર કરી અત્ર પધાર્યા હતા કુલ ૩૧ સાધુ एकत्रित હતા જેથી ઉક્ત મહાત્માને તેમ નગરવાસી જનોને બહુજ આનંદ થયો.

મહોપાધ્યાયજીની સૂરિજી મહારાજની ઉપર એવી ઉચ્ચ કોટીની ભકિત હતી કે ગમે તેમ અસ્વસ્થ દશામાં પણ જ્યારે સૂરિજી પધારતા હતા ત્યારે એહવો વિનય સાચવતા હતા કે તે વખતનું દૃશ્ય જન સમૂહના હૃદયમાં ભકિત માર્ગની સચોટ અસર કરતું હતું.

તેમને ધર્મોપદેશ તેમ નિઆમણા કરાવવામાં સૂરિશ્વરજી મહારાજશ્રીએ જરા પણ કસર રાખી નથી, તેમ ગુરૂભકિત કરવામાં તેઓના વિદ્વાન્ શિષ્ય પંન્યાસજી શ્રીદાનવિજયજી મહારાજજીએ એહવો આગળપડતો ભાગ લીધો હતો કે અત્રના સદ્ગૃહસ્થો તે ભક્તિને દેખી મુકતકંઠથી પ્રશંસા કરતા હતા કે અમે અમારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવનમાં એહવા ગુરૂભક્ત પ્રથમજ દેખ્યા છે. પંન્યાસજીનો પ્રથમથી એજ ઉદ્દેશ હતો કે પારમાર્થિક સર્વ માર્ગોમાં અગત્યનો કોઇ માર્ગ હોય તો તે માત્ર ગુરૂ મહારાજાની ભકિતજ છે તેનાથીજ સર્વ સંપતિનો સમાગમ થાય છે એહવો આ સિદ્ધાંત ઠેઠ સુધી કાયમ રાખી પોતાના જીવનને પવિત્ર બનાવ્યું છે. પંન્યાસજીના નિરંતર સહવાસને લીધે મુનિશ્રી પદ્મવિજયજી તેમ શ્રી મણિવિજયજીનું ચિત્ત પણ ભક્તિમાં અતિ ઉત્કંઠીત રહેતું હતું. પાછળથી પં. શ્રી મોતીવિજયજી તેમ શ્રી કેશરવિજયજીએ પણ યથાશક્તિ ગુરૂભક્તિ બજાવી પોતાની ફરજ અદા કરવા ભાગ્યશાળી થયા હતા. આખરમાં એટલે કે તા. ૨૫-૧૨-૧૮ માગશર વદી અષ્ટમી અને બુધવારના રોજ અરૂણોદય થયા બાદ પોણા આઠ વાગતાં માનુષિક શરીર છોડી આ ફાની દુનીયાનો ત્યાગ કરી દૈવિક સંપત્તિને અલંકૃત કરી. તેમના સ્વર્ગવાસની વાત પ્રસિદ્ધ થતાંની સાથેજ આખા શહેરમાં ભારે દિલગીરી અને શોકનું વાદળ છવાઇ ગયું અને સ્થળે સ્થળે લોકોના ટોળા મળી વિલાપ કરવા લાગ્યા કે, આહા ? આવા ગુરૂદેવ હમને હવે કયાં મળશે. દુષ્ટકાળ તારી જબરી ફાળથી કોઇ બચતું નથી. આજે તેં હમારા ધર્મ સૂર્યનું હરણ કર્યું એટલુંજ નહિ પણ સાથે હમારા ઉત્સાહનો પણ ભંગ કર્યો. ઇત્યાદિ શબ્દોનું ઉચ્ચારણ કરતો હજારો સ્ત્રી પુરૂષોનો સમૂહ અશ્રુપાત પૂર્વક રૂદન કરતો હતો.

ઉક્ત મહાત્માને સારી, સુશોભિત, અને ઉત્તમ કારીગીરીવાળી માંડવીમાં પધરાવી ધામધુમથી અગ્નિસંસ્કાર માટે બહાર કહાડવામાં આવ્યા, જે વખતે જૈન જૈનેતરની ગીરદીથી માર્ગ રૂંધાઇ ગયો હતો. મહાત્માશ્રીની શાંત, તેજસ્વી આકૃતિનું નિરીક્ષણ કરી ભલા ભલાનું હૃદય ભરાઇ આવતું હતું, પણ ઉપાય શો ? અનુક્રમે અગ્નિસંસ્કારના સ્થાને ૧૪૦૦ થી ૧૫૦૦ સ્ત્રી પુરૂષોની હાજરીમાં કેવળ સુખડનીજ ચિતામાં પધરાવી સંસ્કાર કરવામાં આવ્યો હતો. મહુંમની યાદગીરી હમેશાંને માટે રહે તેટલા માટે ત્યાં એક સારી ટીપ કરી હતી, જેના વ્યાજમાંથી પ્રત્યેક વર્ષે તે દિવસે ઠાઠમાઠથી પૂજા ભણાવવામાં આવે એવી યોજના પણ કરવામાં આવી છે.

માંડવી ઉપાડવી દાહ દેવો વિગેરેની ઉપજ ઘણીજ સારી થઇ હતી, જેમાં પાટણના ઉદાર શેઠ નગીનદાસ કરમચંદ સારો ભાગ લીધો હતો.

તેજ રાત્રે અમારી સભા તરફથી દીલગીરી પ્રદર્શિત કરવા પાટણવાળા શેઠ નગીનદાસ કરમચંદના પ્રમુખપણા નીચે જાહેર મીટીંગ ભરવામાં આવી હતી. જુદા જુદા વક્તાઓ તરફથી મહુંમ મહાત્માના ગુણાનુવાદ કરી તેમની જૈન કોમને પડેલી ખોટ માટે ખેદ જાહેર કર્યો. સભામાં મહાત્માનો ઓઇલપેંટીંગ છબી માટે ઉપરોક્ત પ્રમુખ સાહેબે રૂ. ૧૦૦ આપવા ઇચ્છા જણાવી, તથા દેહરી પગલાં માટે મહાત્માશ્રીના પરમભક્ત કલકત્તા નિવાસી બાબુજી સૂમેરમલજી સૂરાણા તરફથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુભેચ્છા પ્રદર્શિત કરી, તેમ અઠ્ઠાઇ મંહોચ્છવ પોપટભાઇ અમરચંદ તથા કસ્તુરભાઇ અમરચંદ તથા સુમેરમલજી સુરાણા તરફથી કરવાનું જાહેર કરવામાં આવ્યું.

## ટુંક જીવન ચરિત્ર.

ઉપાધ્યાયજી મહારાજનો જન્મ ભાવનગર વડવામાં વિક્રમ સંવત્ ૧૯૦૮ માં થયો હતો, બાલ્યાવસ્થાથી જ તેમનામાં ઉચ્ચતમ સંસ્કારો અને ધર્મ ભાવના દૃઢ હતી. તેને તેમના મામાએ દીક્ષા લીધી હતી, અને જેમનું નામ ભાવવિજયજી હતું તેમણે ધર્મોપદેશદ્વારા અતિ મજબુત કરી હતી જેનું પરિણામ અલ્પ સમયમાં એજ આવ્યું કે, તેઓની વિચાર શ્રેણી પ્રવૃત્તિ માર્ગથી નિવૃત થઇ અને નિવૃતિ માર્ગ તરફ દોરાઇ એટલે કે દીક્ષા લેવાનો ઇરાદો થયો. પણ તે સમય એવો અગવડતા ભરેલો હતો કે અન્ય સ્થળે જવામાં આજની માફક સાધનની સગવડતા નહોતી તથાપિ વીરકુંજર તેઓએ પોતાનો વિચાર નહી ફેરવતાં સુઅવસર મેળવી અનેક આપત્તિઓ સહી પંજાબદેશમાં આવેલા અંબાલા શહેરમાં તે વખતે બીરાજતા શાસનોદ્ધારક-ધર્મપ્રભાવક ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી કે જેઓ શ્રી આત્મારામજીમહારાજના નામથી પ્રસિદ્ધ હતા, તેમની પાસે ૧૯૩૫ના કાર્તિક વદી પાંચમને દિવસે સંયમ સ્વીકાર્યું. ગુરૂશ્રીએ ગુણોને અનુસારે વીરવિજયજી નામ આરોપણ કર્યું. અલ્પ સમયમાંજ ગુરૂ સેવાથી સારૂં જ્ઞાન સંપાદન કરી પંજાબ, મેવાડ, મારવાડ, કાઠીયાવાડ વિગેરે દેશોમાં વિચરી પાટણ પધાર્યા, તે વખતે શ્રી સંઘે મળી, શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીના પટ્ટપર શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજને વિભૂષિત કર્યા, તેજ વખતે સ્વર્ગવાસી ગુરૂરાજને ઉપાધ્યાય પદવીનું પ્રદાન કર્યું. ત્યાર પછી બંગાળ, પંજાબ, મારવાડ, માળવા, દક્ષિણ વગેરે દેશોમાં વિચરી ધર્મની જે જાહોજલાલી કરી છે કે જેનું વર્ણન કરતાં આખી બુક થાય તેમ છે.

મર્હુમ મહાત્માશ્રીમાં-વચનસિદ્ધિ, નિરાભિમાનતા, ઐકયતા કરાવવી, નિષ્પક્ષપાતતા, ગાંભીર્યતા વિગેરે અનેક સદ્ગુણોનો સમૂહ હતો કે જેનું વર્ણન કેવી રીતે કરવું તે પણ વિચારણીય થઇ પડેલ છે. જેનાં જવલંત અનેક ઉદાહરણો અસ્તિત્વ ધરાવે છે જો કે તેની વિશેષ બીના તો જે સહવાસી હોય તેજ જાણી શકે તેમ છે, તથાપિ કર્ણોપકર્ણ સાંભળેલાં પણ ઘણાં છે. જેના નમુના તરીકે કેટલાં ઉધૃત કરીયે છીયે.

૧૯૫૬ માં ઉપાધ્યાયજીનો કાઠીયાવાડમાં વિહાર દરમ્યાન શીહોર મુકામે શુભાગમન થયું. તે વખતે જન્મથી બહેરો અને મુંગો એક પોપટલાલ કરીને શ્રાવકનો દીકરો હતો તે તેમની સેવાના પ્રભાવથી બોલતો તથા સાંભળતો થયો. જે બનાવથી જૈન તેમ જૈનેતર, ગૃહસ્થો અદ્યાપિ પર્યંત મહાત્માશ્રી ઉપર ફીદા ફીદા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇ રહેલ છે વળી તેમનામાં ઐકયતા કરાવવાનો એહવો અપૂર્વ ગુણ હતો કે નીચેની બીનાથી જણાઇ આવશે.

જ્યારે તેઓશ્રીનો પૂર્વ દેશમાં વિહાર થયો ત્યારે ગ્વાલીયરના શ્રી સંઘમાં એક મ્હોટો કુસંપ હતો, કે જેનો ફેંસલો ત્યાંની સરકારથી પણ ન થયો. તો આ પૂજ્યવર્યે અમૃતમય વાણીથી તત્કાળ ફેંસલો કરી આપ્યો, સંપ થવાથી સંઘમાં આનંદ મંગળ વર્તાયો તેમ તેઓશ્રીની નિષ્પક્ષપાતતા એહવી ઉત્તમ હતી કે પોતાના શિષ્યની પણ કસુર દેખે તો ઠપકો આપ્યા વિના રહેતા નહોતા, બહુ પહેલાનું પણ હાલ અલ્પ સમય ઉપરનુંજ દ્રષ્ટાંત તે વિષયમાં બસ થશે. જ્યારે તેમના શિષ્ય મુનિશ્રીવિનયવિજયજી મહારાજ વટાદરા મુકામે ઉપાધ્યાયજી મહારાજને વંદનાર્થે પધાર્યા ત્યારે વ્યાખ્યાન સાહિત્ય સંગ્રહમાં પર્યુષણ પર્વાદિક સંબંધી લેખનો સંગ્રહ કરેલો હતો કે જેની અસર જન સમાજ ઉપર ખોટી પડે તેમ હતી, જેથી ઘણો ઉપાલંભ ઠપકો આપી તેનો સુધારો કરાવ્યો હતો જે ઠબકાને સાંભળી શાંત મૂર્તિ મુનિ શ્રી હંસવિજયજી તથા પંન્યાસશ્રી સંપત્તિવિજયજી મ૦ આદિ ચકિત થઇ ગયા.

દેખો એહનું નામ નિષ્પક્ષપાતતા, એહનું નામ શાસન પ્રેમ, એહનું નામજ ભવભીરૂતા કહેવાય કે જેમાં પોતાના શિષ્યની પણ ભૂલ સુધારી જન સમૂહમાં થતી ખરાબ અસર દૂર કરી.

ઇત્યાદિ મર્હુમ મહાત્માશ્રીના ગુણોનું વર્ણન કેટલું લખી શકાય. તેઓશ્રીના પરિચયમાં આવેલ તો સારી રીતે જાણેજ છે.

સદ્ગુરો ! આપના ઉત્તમોત્તમ ગુણોની જે છાપ સમાજ ઉપર પડી છે. અને જે સમાજ આપના આભાર તળે દબાયેલો છે. તે સમાજ આજે આપના વિયોગને લઇને ચોધારાં અશ્રુપાત કરી રહ્યો છે પણ ઉપાય શો ? હવે છેલ્લી પ્રભુ પ્રત્યે એજ પ્રાર્થના કરીએ છીએ કે આપના શિષ્ય પંન્યાસજી શ્રી દાનવિજયજી મહારાજ વિ વિદ્વાન શિષ્યો અને શ્રી પ્રેમવિજયજી મહારાજાદિ વિદ્વાન પ્રશિષ્યો આપના પગલે ચાલી શાસનસેવા બજાવશે એમ ઇચ્છી આપના પવિત્ર આત્માને પરમ શાંતિ મળે એમ પ્રાર્થના કરીએ છીએ.

યોજક,
**સ્વર્ગવાસી ગુરૂરાજના ચરણ સેવકો**
અને
**મહાવીર જૈન સભાના સભાસદો**
**ખંભાત—**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## પાલણપુરમાં એક મહાન્ ધર્મગુરૂનું આગમન.

જગદ્વિખ્યાત પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વર ઉર્ફે શ્રીમદ્ આત્મારામજી મહારાજશ્રીના પ્રખ્યાત પ્રશિષ્ય શ્રીમાન્ વલ્લભવિજયજી મહારાજશ્રી જેઓનું આ ચતુર્માસ ૧૫ મુનીઓ સહિત અમદાવાદ ઝવેરીવાડા ઉજમબાઇની ધર્મશાળામાં હતું અને તેઓશ્રી ચતુર્માસ પૂર્ણ કરીને શિષ્યમંડલ સહિત કાર્તિકવદિ ત્રીજને દીવસે નરોડાગામ પધાર્યા હતા.તે અવસરે મુનિમહારાજ શ્રીમાન્ હંસવિજયજી મહારાજ તથા પન્નાસજી શ્રીમાન્ સંપતવિજયજી મહારાજ કે જેઓશ્રીનું ચાતુર્માસ પણ અમદાવાદ પાંજરાપોળમાંજ હતું તેઓશ્રી પણ પોતાના શિષ્યમંડલ સહિત શ્રીમાન્ વલ્લભવિજયજી મહારાજની પોતાના તરફ અપ્રતિમ પૂજ્ય બુદ્ધિ દેખીને નરોડા ગામ સુધી સાથે પધાર્યા હતા અને અમદાવાદના બીજા પણ શ્રાવકો અને શ્રાવિકાઓ ઘણાં સાથે આવ્યાં હતાં, અને ત્યાં અમદાવાદના સંઘે મોટા ઠાઠ પૂર્વક શ્રીમાન વલ્લભવિજયજી મહારાજ કૃત પંચતિર્થની પૂજા ભણાવા સ્વધર્મી વાત્સલ્ય કર્યું હતું. બીજે દીવસે મુનિમહારાજ શ્રીમાન્ હંસવિજયજી મહારાજ તથા શ્રીમાન્ સંપતવિજયજી મહારાજ સ્વશિષ્ય મંડલ સહિત અમદાવાદ પધાર્યા હતા અને શ્રીમાન્ વલ્લભવિજયજી મહારાજ વળાદ અને કોબા વગેરે માર્ગમાં આવતાં ગામોમાં અનેક ઉપકાર કરતાં અનુક્રમે વિહાર કરતાં કાર્તિક વદિ ૧૦મને દીવસે પાનસરમાં પધાર્યા હતા. ત્યાં પણ અમદાવાદનાં સંઘે આઠી બે દીવસ સુધી મોટા આડંબરથી પૂજા પ્રભાવના વગેરેથી ધર્મોન્નાત અને મહારાજશ્રી તરફનો અપ્રતિમ ભક્તિ પ્રદર્શિત કર્યો હતો. ત્યાંથી મહારાજશ્રી કાર્તિકવદિ ૧૨ને દીવસે ભોયણી પધાર્યા હતા. અને ત્યાં પણ અનેક દેશના શ્રદ્ધાલુ ભાવિક શ્રાવક જનો મહારાજશ્રીના દર્શનાર્થે આવ્યા હતા. ત્યારબાદ માગશર શુદિ ૩ને દીવસે પન્યાસજી મહારાજશ્રી સિદ્ધિવિજયજી મહારાજશ્રીના દર્શનાર્થે મ્હેસાણે પધારતાં મ્હેસાણાના સંઘે મોટા ઠાઠમાઠથી પ્રવેશ મહોત્સવ કરી ભક્તિ પ્રદર્શિત કરી હતી. ત્યાંથી વીસનગર વડનગર થઇને તારંગાજી જવાનો વિચાર હતો પરંતુ પાલણપુરથી આવેલા સંઘના આગેવાનોના અત્યંત આગ્રહથી તુર્તમાં પાલણપુર થઇને તારંગાજી જવા વિચાર રાખ્યો, અને વીસનગર તરફ વિહાર કર્યો ત્યાં ૩ કોશ જેટલા દૂર ગામમાં પાટણના સંઘે આવી રાત્રે ૧૦ થી ૧૨ વાગ્યા સુધી અત્યંત આગ્રહ કરવાથી તુર્તમાં પાલણપુર જવાનું મુલ્તવી રાખી પાટણ પધારવાનો વિચાર રાખ્યો. બીજે દીવસે વિહાર કરી મહારાજશ્રી વીસનગર પધાર્યા હતા. ત્યાં બે દીવસ રહેવા માત્રથી પણ ઘણો ઉપકાર થયો હતો અને વીસનગરના સંઘની અત્યંત અપ્રતિમ ભક્તિથી મહારાજશ્રીના એવા પ્રકારના ઉદ્ગારો ઉદ્ભવ્યા હતા કે જો પંજાબમાં જવાનું ન હોત ને ગુજરાતમાંજ રહેવાનું હોત તો ચતુર્માસને યોગ્ય આ ક્ષેત્રમાંજ ચતુર્માસ કરવાથી ઘણા સાભનો સંભવ હતો. ત્યાંથી વિહાર કરી માગસર સુદિ ૧૦ મને દીવસે મહારાજશ્રી પાટણ પધાર્યા હતા ત્યાં પણ પ્રવેશ મહોત્સવ અને ધર્મ ભક્તિ ઘણા ઠાઠથી થઇ હતી. પાટણના સંઘનો ચાતુર્માસ રહેવા માટે અત્યંત આગ્રહ છતાં પણ લક્ષ્યબિંદુ પંજાબ જવા તરફ હોવાથી મહારાજશ્રીએ ૫ દીવસ પછી વિહાર કરવાની તૈયારી કરી તે પ્રસંગે પાટણની સમસ્ત પ્રજા અને અધિકારી વર્ગ તરફથી જાહેર મેળાવડા માટે અત્યંત આગ્રહ થતાં બે દિવસ વધુ રોકાણ થયું હતું. બીજે દીવસે મહારાજશ્રીએ વ્યાખ્યાનમાં દાનધર્મ સંબંધિ એવું આકર્ષક વિવેચન કર્યું કે જે વ્યા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખ્યાનના પ્રભાવથી અધિકારીવર્ગે તથા પ્રજાવર્ગે મલીને દુષ્કાળપિડિત બંધુઓ માટે લગભગ ૫–૭ હજાર જેટલું ફંડ ઉભું કર્યું ને સુબા સાહેબ વગેરેની એ લાગણી હતી કે આ ફંડને ૧ લાખ સુધી પહોંચાડી મહારાજશ્રીના પવિત્ર આશયવાળા ઉદ્ગારોને વધાવી લેવા. એ પ્રસંગે પન્યાસજી શ્રી અજીતસાગરજી મહારાજે શ્રીમાનની પધરામણી થવાથી પોતાનો હર્ષ ને સંતોષ સર્વ સભા સમક્ષ દર્શાવ્યો હતો. અને એ પ્રસંગે શ્રી લલિતવિજયજીમહારાજે ચારૂપના સંબંધથી પાટણની પ્રજામાં થયેલી અવ્યવસ્થા દૂર થઇ પુનઃ પ્રથમના જેવી વ્યવસ્થા ચાલુ રહે તે સંબંધિ સ્વ આશય પ્રગટ કર્યો હતો. વ્યાખ્યાન સમાપ્ત થયા બાદ સુબાસાહેબ વગેરે અધિકારીવર્ગે મહારાજશ્રીની પધરામણીથી પાટણની પ્રજા પર થયેલા ઉપકાર સંબંધિ પોતાના હાર્દિક ભાવથી સંતોષિત લાગણી જાહેર કરી અત્યંત ઉપકાર માન્યો હતો. ત્યારબાદ પાટણથી વિહાર કરી મહારાજશ્રી ચારૂપ પધાર્યા હતા. ત્યાં મહારાજશ્રીની સાથે પાટણના જૈન જૈનેતરો લગભગ ૩૦૦-૪૦૦ના પ્રમાણમાં સાથે આવ્યાં હતાં. ત્યાં પંચકલ્યાણકની પૂજા પ્રસંગે મહારાજશ્રીએ પ્રભુના સિંહાસન માટે ઇસારો કરતાં તેજ વખતે સિંહાસન માટે ૪૦૦–૫૦૦ જેટલી રકમ ભરાઈ ગઇ હતી. ત્યાંથી મહારાજ શ્રી મેત્રાણે પધાર્યા હતા. ત્યાં પાલણપુરનો સંઘ પણ સામે આવ્યો હતો. ત્યાંથી મહારાજ શ્રી જગાણે પધાર્યા હતા. ત્યાં ઉપાધ્યાયજી મહારાજ શ્રી વીરવિજયજી મહારાજશ્રીના કાળધર્મની ખબર પહોચતાં પંચકલ્યાણકની પૂજા પાલણપુરના સંઘે મળીને ભણાવી હતી. ત્યાંથી મહારાજ શ્રી માગસર વદિ ૧૦ ને દીવસે પાલણપુર પધારતાં પાલણપુરના સંઘે મોટા આડંબરથી પ્રવેશોત્સવ કર્યો હતો. મહારાજશ્રીની પધરામણીથી અને તેઓશ્રીની અમૃતતુલ્ય આકર્ષક વાણીથી પાલણપુરના સંઘમાં હર્ષ છવાઇ રહ્યો છે. અને શ્રી પાર્શ્વનાથ પ્રભુના મોટા દેહરાસરમાં અઠ્ઠાઇ ઉત્સવ શરૂ થયો છે. હરહમેશ વ્યાખ્યાન વાણી ચાલુ છે.

મહારાજશ્રીને પંજાબથી ગુજરાતમાં પધાર્યે ૧૦ વર્ષ થયાં તે દરમ્યાનમાં મ્હારાજશ્રીની પવિત્ર પ્રભાવશાળી વાણીથી મહાન્ જગજાહેર કાર્યો જે જે થયેલાં છે તે વાચક વર્ગની ધર્મભક્તિના ઉત્તેજન માટે વિદિત કરવામાં આવે છે.

૧ પાલણપુરમાં સ્કોલરશીપ માટે રૂ૦ ૨૦૦૦૦ નું ફંડ થયેલ છે.

૨ રાધનપુરવાળા શેઠ મોતીલાલ મુળજીના તરફથી શ્રી સિદ્ધાચળજીનો સંઘ નીકળ્યો હતો. ને સ્કોલરશીપ માટે રૂ૦ ૨૦ હજારનું ફંડ થયું હતું.

૩ મુંબઇમાં ઘણા મોટા ખર્ચે શ્રી મહાવીર જૈન વિદ્યાલય ચાલે છે.

૪ જૂનાગઢમાં શેઠ દેવકરણ મુળજી તરફથી વીશાશ્રીમાળી બોર્ડિંગ માટે રૂ૦ ૧ લાખની સખાવત થઇ છે.

૫ વેરાવળમાં એક ઉદાર ગૃહસ્થ તરફથી બે જાહેર સંસ્થાઓ ઉભી થઇ છે.

૬ પાલણપુર–લીંબડી–નાંદોદ–વડોદરા આદિ સ્ટેટના મહારાજાઓને ધર્મોપદેશ આપી જૈન તથા જૈનેતર પ્રજા પર ઉપકાર કરેલો છે. ઇત્યાદિ અનેક જગજાહેર કાર્યો ગુજરાતમાં મહારાજશ્રીની પ્રભાવશાળી વાણીથી થયેલાં છે.

હવે અહિંથી વિહાર કરી તારંગાજી કુંભારીયા થઇ મારવાડમાં થઇને પંજાબ તરફ પધારવાની વકી છે. પાલણપુર તથા અમદાવાદના ઘણા ભાવિક શ્રાવક અને શ્રાવકાઓ પણ આ પ્રસંગનો અમૂલ્ય લાભ લઇ સાથે આવી જાત્રા કરવાનો લાભ લેનાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

## થોડા વખતમાં નીચેના ગ્રંથો પ્રસિદ્ધ થશે.

### છપાતા નવા ગ્રંથો.

૧ પંચસંગ્રહ. શેઠ રતનજીભાઇ વીરજી તરફથી.
૨ સત્તરિસય ઠાણુ સટીક—શાહ ચુનીલાલ ખુબચંદ પાટણુવાળા તરફથી.
૩ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા. શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણુવાળા તરફથી.
૪ ચૈત્યવંદન મહાભાષ્ય.
૫ જૈન મેઘદૂત સટીક.
૬ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ
૭ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ.
૮ દ્રૌપદી સ્વયંવર નાટક.
૯ અંતગડદશાંગ સૂત્ર સટીક ભરૂચ નિવાસી બ્હેન ઉજમબ્હેન તથા હરકોરબ્હેન તરફથી.
૧૦ શ્રી કલ્પસૂત્ર—કીરણાવળી. શેઠ દોલતરામ વેણીચંદના પુત્ર રત્ન સ્વરૂપચંદભાઇ તથા તેમનાં ધર્મપત્નિ બાઇ ચુનીબાઇ માણુસાવાળાની દ્રવ્ય સહાયથી.
૧૧ શ્રી ઉપાસકદશાંગ બુહારીવાળા શેઠ પીતાંબરદાસ પન્નાજી.
૧૨ શ્રી નિર્યાવલી સૂત્ર. શ્રી સીહોરના સંઘ તરફથી.

### છપાવવાના ગ્રંથો.

૧ સિદ્ધપ્રાભૃત સટીક.
૨ ષટ્સ્થાનક સટીક.
૩ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૪ શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ સટીક.
૫ બંધહેતૂદય ત્રિભંગી સટીક.
૬ બંધોદયસત્તા પ્રકરણ સટીક.
૭ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત.
૮ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૯ વિજયદેવસૂરિ માહાત્મ્ય.
૧૦ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.
૧૧ પ્રાચીન પાંચમો કર્મગ્રંથ.
૧૨ લિંગાનુશાસન સ્વોપજ્ઞ ટીકા સાથે.
૧૩ ધાતુ પારાયણ.

### આગમો છપાવવાની થયેલ યોજના.

१ अनुत्तरोववाईसूत्र सटीक.
२ नंदीसूत्र. श्रीहरिभद्रसूरिकृत टीका साथे.

For Private And Personal Use Only